પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૨૬, કુલ પાના:૪, તારીખ: ૨૨-૦૯-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 26 PRICE :-RS. 1.50 DATE : 22-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

## વડાપ્રધાન મોદી ૨૪મીએ બાઈડનને મળશે

નવી દિલ્હી,

અમેરિકી રાષ્ટ્રપતિ સાપ્તાહિક કાર્યક્રમ અનુસાર ૨૪ સપ્ટેમ્બર શુક્રવારે જ બાઈડન પ્રધાનમંત્રી મોદી, સુગા અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસન સાથે વ્હાઈટ હાઉસમાં પહેલીવાર વ્યકિતગત રૂપથી કવાડ નેતાઓના શિખર સંમેલનની મેજબાની કરશે. ગત અઠવાડિયે નવી દિલ્હીમાં વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે ચારેય નેતા આ વર્ષે ૧૨ માર્ચના રોજ પોતાના પહેલા ડિજિટલ શિખર સંમેલન બાદ થયેલી પ્રગતિની સમીક્ષા કરશે અને



ભાગીદાર હિતો સાથે જોડાયેલા ક્ષેત્રીઓ મુદ્દાઓ પર ચર્ચા કરશે. મોદીની અમેરિકા યાત્રા લગભગ ૭ મહિનામાં તેમની પ્રથમ વિદેશ યાત્રા હશે જયારે કોવિડ-૧૯ મહામારીના પ્રકોપ બાદ તે બીજી વાર કોઈ દેશની પ્રથમ યાત્રા પર આવશે. આ પહેલાં માર્ચમાં મોદીએ બાંગ્લાદેશની યાત્રા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અમેરિકા માટે રવાના થઈ રહ્યા છે. આ દરમિયાન તેઓ યુનોની મહાસભાના ૭૬માં સત્રમાં ભાગ લેવાની સાથોસાથ અન્ય દેશના નેતાઓને પણ મળશે. પીએમ મોદી ઉપરાંત આ મહત્વની બેઠકમાં ભાગ લેવા માટે ૧૦૦ દેશોના રાષ્ટ્રાધ્યક્ષ પણ અમેરિકા આવી રહ્યા છે. પીએમ મોદી ૨૨મીએ વોશિંગ્ટન ડીસી પહોંચશે અને પછી તેઓ અમેરિકાના ટોચના સીઈઓને મળશે. એપ્પલના વડા ટીમ કુકને પણ તેઓ મળે તેવી શકયતા છે. અમેરિકાના ટોચના ઉદ્યોગપતિઓ સાથે બેઠક કર્યા પછી મોદી ૨૩મીએ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને પણ મળશે. આ ઉપરાંત પીએમ એ જ દિવસે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન અને જાપાનના વડાપ્રધાનને પણ મળશે. પીએમ મોદી ૨૪મીએ અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન સાથે પ્રથમ પ્રત્યક્ષ દ્વીપક્ષીય બેઠક યોજશે અને વોશિંગ્ટનમાં પ્રથમ ઈન-પર્સન કવાડ લીડર્સ સમીટમાં ભાગ લેશે. પીએમ મોદીની મુલાકાત દરમિયાન ડીનરનું પણ આયોજન થયું છે. પીએમ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનને પણ મળે તેવી શકયતા છે. વડાપ્રધાન ૨૪મીએ સાંજે ન્યૂયોર્ક માટે રવાના થશે. બીજા દિવસે તેઓ યુનોની મહાસભાને સંબોધન કરશે. મોદી - બાયડન ત્રાસવાદ અને અફઘાનીસ્તાન અંગે ચર્ચા કરે તેવી શકયતા છે. આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ દૃઢ બનશે એ નક્કી છે. અમેરિકા ના રાષ્ટ્રપતિ જો બાઈડન ૨૪ સપ્ટેમ્બરના રોજ વ્હાઈટ હાઉસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠક કરી બંને દેશો વચ્ચે સંબંધોને વધુ મજબૂત કરવાનો પ્રયત્ન કરશે. સોમવારે જાહેર થયેલ રાષ્ટ્રપતિના સાપ્તાહિક કાર્યક્રમમાં આ વાતની જાણકારી આપવામાં આવી છે. અધિકારીએ જણાવ્યું કે ૨૩ સપ્ટેબરના રોજ ગુરૂવારે અમેરિકાની ઉપરાષ્ટ્રપતિ કમલા હેર્રિસ પ્રધાનમંત્રી મોદી સાથે મુલાકાત કરશે. બંને નેતાઓની વચ્ચે શુક્રવારે થનાર પહેલી બેઠકના સંબંધમાં કહેવામાં આવ્યું છે, 'રાષ્ટ્રપતિ ભારતીય ગણરાજયના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય બેઠકમાં ભાગ લેશે.' ડેમોક્રેટિક પાર્ટી નેતા જો બાઈડનના જાન્યુઆરીમાં રાષ્ટ્રપતિ બન્યા બાદ બંને નેતાઓ વચ્ચે ઘણીવાર ડિજિટલ માધ્યમોથી વાતચીત થઈ છે. ગત વખતે પ્રધાનમંત્રી મોદી સપ્ટેમ્બર ૨૦૧૯ માં અમેરિકા યાત્રા પર આવ્યા હતા. આ દરમિયાન તેમણે અને તત્કાલિન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હ્યૂસ્ટનમાં હાઉડી-મોદી કાર્યક્રમને સંબોધિત કર્યા હતા. વ્હાઉટ હાઉસને શુક્રવારે રાષ્ટ્રપતિના કાર્યક્રમ વિશે કહ્યું કે બાઈડન જાપાનના પ્રધાનમંત્રી યોશીહિદે સુગા સાથે મુલાકાત કરશે.

## ગીર-સોમનાથના ઉના નજીક ૩.૪ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો

ગીર સોમનાથ,

ગીર સોમનાથ જિલ્લાના ઉના શહેર નજીક ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બપોરે ૨.૩૦ વાગ્યાના સુમારે અનુભાવાયેલ ધરતીકંપના આંચકાની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૩.૪ નોંધાઈ હતી. ધરતીકંપ પૃથ્વીના બાહ્ય સ્તરમાં અચાનક હલનચલન દ્વારા પેદા થતી ઉર્જાના પરિણામે થાય છે. આ ઉર્જા પૃથ્વીની સપાટી પર ભૂકંપ તરંગો પેદા કરે છે, જે જમીનને હલાવીને અથવા વિસ્થાપિત કરીને પ્રગટ થાય છે. ભૂકંપ કુદરતી ઘટનાઓ અથવા માનવશાસ્ત્રના કારણોથી થઈ શકે છે. ભૂકંપ ઘણીવાર ભૂસ્તરશાસ્ત્રીય ખામીને કારણે થાય છે. મોટા પ્રમાણમાં ગેસનું સ્થળાંતર, મુખ્યત્વે પૃથ્વીની અંદર મિથેન, જ્વાળામુખી, ભૂસ્ખલન અને પરમાણુ પરીક્ષણો મુખ્ય ખામી છે. તો ભૂકંપનું કેન્દ્ર બિંદુ ઉનાથી આશરે ૩૦ કિલોમીટર દૂર હોવાનું સામે આવ્યું છે, બપોરના સમયે અચાનક આવેલ ભૂકંપના આંચકાને પગલે સ્થાનિકો તાત્કાલિક અસરથી ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે, આ ભૂકંપમાં કોઈ જાનહાનિ થઈ હોય તેવા કોઈ અહેવાલો પ્રાપ્ત થયાં છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી જણાવ્યા અનુસાર અરૂચાલ પ્રદેશમાં બપોરે ૩ઃ ૬ વાગ્યે ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી પાસેથી મળેલી માહિતીના આધારે અરૂણાચલ પ્રદેશમાં રવિવારે ભૂકંપના આંચાકા અનુભવાયા હતાં. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૪ માપવામાં આવી હતી. આ ભૂકંપ બપોરે ૩ઃ ૬ કલાકે આવ્યો હતો અને તેનું મુખ્ય કેન્દ્ર અરૂણાચલના ચાંગલાંગમાં નોધાયું હતું. અત્યાર સુધી કોઈ જાનહાનિ અથવા સંપત્તિના નુકશાનના અહેવાલો મળ્યાં નથી અરૂણાચલ પ્રદેશમાં ૪.૪ તીવ્રતા વાળો ભૂંકપ આવ્યો તે પહેલા ગુજરાતના કચ્છમાં બપોરના સમયે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપના આંચકાની તીવ્રતા ૩.૧નોંધાઈ હતી. ભૂંકપનું મુખ્ય કેન્દ્ર બિંદુ દુધઈથી ૨૬ કિલોમીટર દૂર નોધાયું હતું ભૂકંપને લઈને આ વિસ્તારના લોકોમાં ડર ફેલાયો હતો. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.

## ૩ લાખ વિદ્યાર્થીઓને દિવાળી પહેલા મળી જશે ટેબ્લેટ

ગાંધીનગર,

કોરોનાને પગલે ૨૦૧૯-૨૦ના બાકી રહેલા વિદ્યાર્થીઓ ઉપરાંત ગત વર્ષે કોલેજોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનારા ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપી શકાયા નથી.અંતે સરકારે તાજેતરમાં ટેબ્લેટ ઓર્ડર ફાઈનલ કર્યો છે અને ભારતની જ ટેબ્લેટ બનાવતી કંપનીને ઓર્ડર આપી દેવામા આવ્યો છે.સરકારે હાલ ૨૦૧૯-૨૦ના બાકી રહેલા ૭૨ હજાર અને ૨૦૨૦-૨૧ના ૨.૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ મળીને કુલ ૩ લાખ જેટલા ટેબ્લેટનો ઓર્ડર આપ્યો છે. મળતી માહિતી મુજબ દિવાળી પહેલા ટેબ્લેટનું વિતરણ કરી દેવાશે અને સૌપ્રથમ ૨૦૧૯-૨૦ના ૭૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામા આવશે.આ વિદ્યાર્થીઓમાં સૌથી વધુ જીટીયુની ટેકનિકલ કોલેજોના વિદ્યાર્થીઓ છે.મહત્વનું છે કે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવાની યોજના અંતર્ગત હવે પ્રથમ વર્ષને બદલે અભ્યાસના ત્રીજા વર્ષે વિદ્યાર્થીઓને ટેબ્લેટ મળશે.ખરેખર કોરોનામા કોલેજો બંધ હતી ત્યારે ઓનલાઈન શિક્ષણ માટે ટેબ્લેટની જરૂર હતી ત્યારે જ વિદ્યાર્થીઓને ટેબ્લેટ મળ્યા ન હતા.ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ઉચ્ચ શિક્ષણના બેથીઅઢી લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામા આવે છે અને જેમાં વિદ્યાર્થીઓનુ કોલેજ લેવલે એક હજાર રૂપિયા લઈને રજિસ્ટ્રેશન કરવામા આવે છે.૨૦૧૯-૨૦માં જાન્યુઆરીમાં એકથી દોઢ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરી દેવાયા હતા, પરંતુ ૭૦થી૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવાના બાકી હતા અને કંપની પાસેથી હજુ બાકીનો જથ્તો આવે અને વિદ્યાર્થીને વિતરણ થાય ત્યાં માર્ચમાં કોરોનાની શરૂઆત થતા લોકડાઉનને પગલે વિદ્યાર્થીઓને વિતરણ કરવામા આવ્યા ન હતા.સરકાર દ્વારા અપાતા ટેબ્લેટ દેશ બહારની ચાઈનિઝ કંપનીના હોવાની ફરિયાદોને પગલે ભારે વિવાદ થયો હતો અને ત્યારબાદ સરકારે ઓર્ડર પણ કેન્સલ કરવો પડયો હતો.

## ગુજરાતમાં વહેલી ચૂંટણી નહી યોજાય : ચીફ ઈલેક્શન કમિશનર

ગાંધીનગર,

અગાઉ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વાતનો ઉલ્લેખ કરી ચૂક્યા છે કે, ગુજરાતમાં વહેલી ચૂંટણી નહી યોજાય. જોકે, ચર્ચા એવી છેકે, ગુજરાતમાં વર્તમાન રાજકીય પરિસ્થિથતી ભાજપ માટે લાભદાયી છે. કોરોનાકાળમાં થયેલાં મૃત્યુ સહિત દર્દનાક સ્થિતિને ગુજરાતની જનતા હજુ ભૂલી શકી નથી. આ સંજોગોમાં એકાદ વર્ષ નવી સરકાર સારૂ કામ કરીને



જનતાના દર્દને ભૂલાવી દે તો ફરી ભાજપ તરફી રાજકીય વાતાવરણ થઈ શકે છે. આ જોતાં ખુદ ભાજપ વહેલી ચૂંટણી યોજવાના મતમાં નથી. ખુદ ચીફ ઈલેકેશન કમિશનરે પણ આ વાત કહીને ગુજરાતમાં વહેલી ચૂંટણી થશે તેવી અટકળો પર પૂર્ણ વિરામ મૂકી દીધુ છે.રૂપાણી સરકારની વિદાય થતાં જ ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે તેવી રાજકીય અફવાઓએ જોર પકડયુ છે. જોકે, આ વાત પર પૂર્ણ વિરામ મુકાયુ છે કેંમકે, અંબાજીમાં દર્શાનાર્થે આવેલાં ચીફ ઈલેકશન કમિશનરે કહ્યું કે, ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે નહીં. ભાદરવી પૂનમે માં અંબાના દર્શન કરવા ચીફ ઈલેક્શન કમિશનર સુશિલ ચંદ્રા અંબાજી પહોંચ્યા હતાં. તેઓએ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. અંબાજીની મુલાકાતે આવેલાં ચીફ ઈલેક્શન કમિશનર સુશિલ ચંદ્રાએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું કે, પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. આ રાજયો સાથે ચૂંટણી સાથે ગુજરાતની ચૂંટણી નહી યોજાય. ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે નહીં.

## નવરાત્રીની મંજૂરી મળશે તેમ છતાં કલબોમાં નહીં થઈ શકે નવરાત્રી

ગાંધીનગર,

નવરાત્રીમાં શેરી ગરબાને માટે છૂટછાટ મળી શકે છે. નવરાત્રીમાં પ્રસાદ વિતરણ પર પ્રતિબંધ લાગી શકે છે. પાર્ટી પ્લોટ, જાહેર મેદાન, કે ક્લબમાં ગરબા માટે છૂટછાટ મળશે નહીં. આરોગ્ય વિભાગ ગાઈડલાઈન આધીન SOP તૈયાર કરવામાં આવશે. મોટા આયોજન માટે સમય પણ નાં રહ્યો હોવાનો મત આપવામાં આવી રહ્યા છે. આ મામલે આયોજકોએ જણાવ્યું છે કે, માસ્ક સાથે ગરબા થઈ શકે નહિ. અને મોટા મેદાનમાં ઓછા ક્રાઉડ સાથેનું આયોજન મોંઘુ પડે છે. ત્યારે હાલના સમય પ્રમાણે દેશમાં કોરોના ની ત્રીજી લહેરની આશંકા જણાઈ રહી છે ત્યારે આ ત્રીજી લહેરના આગમન પૂર્વે કોઈ પણ રિસ્ક લેવા માંગતા નથી.




નોંધનીય છે કે ગયા વર્ષે નવરાત્રી દરમ્યાન જાહેરમાં ખુલ્લી જગ્યાએ ગરબી/મૂર્તિની સ્થાપના અને પૂજા આરતી કરવા માટે છૂટ આપવામાં આવી હતી અને ૨૦થી વધુ લોકોને ભેગા ન થવા માટે સ્પષ્ટપણે જણાવ્યું હતું ત્યારે હવે આ વખતે પણ આ પ્રમાણે જ આયોજન કરવામાં આવી શકે છે. નવરાત્રિના એક મહિના પહેલેથી જ ખૈલયાઓ તેમજ સંચાલકો ગરબા આરતી, સહિતની તૈયારીઓમાં લાગી જતા હોય છે. ગુજરાતીઓ પોતાના સૌથી મોટા તહેવાર નવરાત્રિને મંજૂરી મળશે કે નહીં તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, પરંતુ આ વર્ષે કોરોના મહામારીના પગલે તમામની ખુશીઓ પર ગ્રહણ લાગી ગયું છે. સતત બીજા વર્ષે પણ ગરબાથી વંચિત રહેવું પડશે. જે આ વર્ષે પણ મોટા આયોજકો ગરબાનું આયોજન કરી શકશે નહીં. જો કે હાલમાં દેશમાં કોરોનાનાની સંભવિત ત્રીજી લહેરને લઈને આ વર્ષે પણ ગરબામાં સોશિયલ ડિસ્ટન્સ શક્ય નહીં હોવાનું આયોજકો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે અને ઓછા ખેલૈયાઓ સાથેનું આયોજન પોસાય એમ નથી. ત્યારે, નવરાત્રી મહોત્સવ ઉજવણી બાબતે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. રાજ્ય સરકાર આગામી પરિસ્થિતિને આધીન નિર્ણય લેશે. લોકોની ધાર્મિક આસ્થા પ્રમાણે છૂટછાટ આપવામાં આવશે. અમદાવાદની પ્રતિષ્ઠિત કલબોએ નવરાત્રીનું આયોજન રદ કર્યું છે. રાજપથ, કર્ણાવતી સહિતને કલબોએ નવરાત્રીનું આયોજન રદ કરી દીધું છે. ક્લબમાં હજારો મેમ્બર અને સરકારે જાહેર કાર્યક્રમોમાં ૪૦૦ લોકોની મંજૂરી આપી છે. ત્યારે સરકારની ગાઈડલાઈન મુજબ આયોજન કરવું અશક્ય છે. ત્યારે અમદાવાદ શહેરની મોટી ક્લબોમાં ગરબા નહીં થાય.

## રશિયાની સંસદીય ચૂંટણીમાં આરોપો વચ્ચે પુતિનની પાર્ટીની જીત

ન્યુ દિલ્હી,

રાષ્ટ્રપતિ પુતિનના ટીકાકારોને ચૂંટણીમાં ભાગ ન લેવા દેવાયો. ચૂંટણી દરમિયાન ગોટાળાના પણ અહેવાલો સામે આવ્યા હતા. ચૂંટણીપંચ પ્રમાણે બીજા નંબર પર રહેલી કૉમ્યુનિસ્ટ પાર્ટીને ૧૯ ટકા મત મળ્યા છે. કૉમ્યુનિસ્ટ પાર્ટીના મત આઠ ટકા વધ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે દેશની ૪૫૦ બેઠકોવાળી સંસદમાં પુતિનના પક્ષને બે તૃતિયાંશ કરતાં વધુ બહુમતી મળશે. આમ તો રાષ્ટ્રપતિ પુતિનના સત્તા પર આવ્યા બાદ રશિયામાં ચૂંટણીઓ દેખાડા પૂરતી જ રહી ગઈ છે, કારણ કે દેશનાં રાજકીય સમીકરણો પર તેની કોઈ અસર નથી પડતી.રશિયામાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની યુનાઈટેડ રશિયા પાર્ટીએ સંસદીય ચૂંટણીમાં બહુમત હાંસલ કર્યો છે. જોકે, પાછલી ચૂંટણીની સરખામણીએ તેમના સમર્થનમાં થોડો ઘટાડો થયો છે. ચૂંટણીમાં મોટા પાયે ગોટાળો થયો હોવાના આરોપ થયા પરંતુ રશિયાના ચૂંટણીપંચે આ



આરોપોને ફગાવી દીધા. સંસદીય ચૂંટણીમાં મોટા ભાગના મતોની ગણતરી થઈ ચૂકી છે, પુતિનની યુનાઈટેડ રશિયા પાર્ટીને લગભગ ૫૦ ટકા મત મળ્યા છે સંસદીય ચૂંટણીમાં મોટા ભાગના મતોની ગણતરી થઈ ચૂકી છે, પુતિનની યુનાઈટેડ રશિયા પાર્ટીને લગભગ ૫૦ ટકા મત મળ્યા છે સંસદીય ચૂંટણીમાં મોટા ભાગના મતોની ગણતરી થઈ ચૂકી છે. પુતિનની યુનાઈટેડ રશિયા પાર્ટીને લગભગ ૫૦ ટકા મત મળ્યા છે. પાછલી ચૂંટણીની સરખામણીએ પાર્ટીને મળેલા મતોમાં ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૬માં પુતિનની પાર્ટીને ૫૪ ટકા મત મળ્યા હતા. કૉમ્યુનિસ્ટ પાર્ટીના નેતા ગેન્નાદી ઝ્યૂગાનોવે ચૂંટણીમાં મોટા પાયે અનિયમિતતા થઈ હોવાના આરોપ લગાવ્યા છે. એવું માનવામાં આવે છે કે જેલમાં બંધ પુતિનના ટીકાકાર એલેક્સી નવેલની દ્વારા લગાવાયેલ ભ્રષ્ટાચારના આરોપો અને રશિયાના જીવનસ્તરને લઈને વ્યક્ત કરાઈ રહેલ ચિંતાઓને કારણે પુતિનની પાર્ટીનું સમર્થન ઘટ્યું છે. પરંતુ રશિયાના ઘણા બધા લોકોમાં પુતિન હજુ પણ ઘણા લોકપ્રિય નેતા છે. જેમને એવું લાગે છે કે પશ્ચિમના પડકાર સામે પુતિન ટકી રહેલા છે અને તેમને દેશના ગૌરવમાં વધારો કર્યો છે. રશિયાની ચૂંટણીમાં આ વખત ઘણાં શહેરોમાં પ્રથમ વખત ઈલેક્ટ્રોનિક મતદાન થયું. તેમજ ૧૯૯૩ બાદ પ્રથમ વખત એવું થયું છે કે યુરોપિયન સુરક્ષા અને સહયોગ સંગઠન ચૂંટણીના પર્યવેક્ષક રશિયાના અધિકારીઓની પાબંદીઓને કારણે રશિયા ન આવ્યા. એક સ્વતંત્ર દેખરેખ સંસ્થા ગોલોસનું કહેવું છે કે રવિવારે રાત્રિ સુધી મતદાન દરમિયાન અનિમયમિતતાઓના ૪,૫૦૦ મામલા નોંધાયા હતા. રશિયા આ સંસ્થાને 'વિદેશી એજન્ટ' ગણાવે છે. પુતિનના મુખ્ય ટીકાકાર અને વિપક્ષના નેતા એલેક્સી નવેલનીને અગાઉ કાતિલ ઝેર આપવાનો પ્રયાસ થયો હતો, સારવાર બાદ તેઓ સાજા થયા એ પછી એમની પર સરકારે ભ્રષ્ટાચારનો કેસ કર્યો અને હાલ તેઓ જેલમાં છેકોરોના વાઈરસને કારણે મતદાન ત્રણ દિવસ સુધી ચાલ્યું પણ ટીકાકારો અનુસાર લંબાવાયેલું મતદાન પારદર્શક ન રહ્યું અને ગેરરીતિને મોકળું મેદાન મળ્યું. મતદાનમાં અનિયમિતતાના અહેવાલો સમગ્ર રશિયામાંથી મળ્યા છે. જોકે, ચૂંટણીપંચના વડાનું કહેવું છે કે 'આ ટીકા આયોજનપૂર્વકની ઝુંબેશ છે જેને વિદેશ પૈસા આપે છે.' આ વાત આગળ શું આવશે એનો સંકેત છે. રશિયા ચૂંટણી બાબતની કોઈ પણ આંતરરાષ્ટ્રીય ટીકાને આ રીતે જુએ છેઃ તે પશ્ચિમ તરફ આંગળી ચીંધીને કહે છે કે આ બધું રશિયાને બદનામ કરવા માટેનું વિદેશી કાવતરું છે.

## સત્તા માટે અફઘાનિસ્તાનમાં નવી તાલિબાની સરકારમાં વિરોધ વંટોળ

કાબુલ,

અફઘાનિસ્તાનમાં રાજ કરવા માટે અંદરો અંદર ઝઘડા થવાના શરૂ થઈ ગયા છે અખુંદજાદા વિશે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, હજી સુધી એ ખબર નથી પડી કે તે ક્યાં છે. તે ઘણાં સમયથી દેખાયો નથી અને ના તેણે કોઈ મેસેજ જાહેર કર્યો છે. આ સંજોગોમાં એવો ક્યાસ કાઢવામાં આવી રહ્યો છે કે, અખુંદજાદાનું મોત થઈ ગયું છે. તાલિબાને આ પહેલાં સત્તા માટે આવો સંઘર્ષ ક્યારેય નથી જોયો. તાલિબાન અને હક્કાની નેટવર્ક ૨૦૧૬માં એક થઈ ગયું હતું. બરાદરનો પ્રયત્ન હતો કે, તાલિબાન એક અલગ છબિ રજૂ કરે જેને દુનિયા માન્યતા આપે, જ્યારે હક્કાની નેટવર્ક આત્મઘાતી હુમલાનો પ્રોત્સાહન આપે છે. અફઘાનિસ્તાનમાં શરમાર્થિઓના મંત્રી ખલીલ હક્કાનીને સંયુક્ત રાષ્ટ્રમાં પોતાની આતંકીઓની યાદીમાં સામેલ કર્યા છે. એક મુદ્દો એવો પણ છે કે, હક્કાનીનું સીધુ કનેક્શન પાકિસ્તાન સાથે છે. પાકિસ્તાન પણ તાલિબાન સરકારમાં હક્કાનીનો દબદબો ઈચ્છે છે જેથી તેના માટે પોતાના હેતુને પૂરો કરવો સરળ રહે.અફઘાનિસ્તાનમાં સત્તા મેળવ્યા પછી તાલિબાનોની અંદર જ ફાટફૂટ પડી ગઈ છે. બ્રિટનના એક મેગેઝીને દાવો કર્યો છે કે, ખુરશીની લડાઈ માટે તાલિબાનના સર્વેસર્વા હિબતુલ્લાહ અખુંદજાદાની હત્યા કરવામાં આવી છે અને નાયબ વડાપ્રધાન મુલ્લા બરાદરને બંધક બનાવીને રાખવામાં આવ્યા છે. સત્તા માટે આ સંઘર્ષ તાલિબાનના જ બે ગ્રૂપ હક્કાની નેટવર્ક અને તાલિબાન વચ્ચે થઈ રહ્યો છે. મેગેઝિન દ્વારા એવું પણ જણાવવામાં આવ્યું છે કે, ઝઘડામાં સૌથી વધારે નુકસાન મુલ્લાહ બરાદરનું થયું છે. સપ્ટેમ્બરમાં તાલિબાનના બંને જૂથ વચ્ચે બેઠક થઈ હતી. આ દરમિયાન એક વખત એવું પણ થયું કે, જ્યારે હક્કાની નેતા ખલીલ-ઉલ રહેમાન હક્કાની તેની ખુરશી પરથી ઉભો થયો અને તેણે બરાદરને મુક્કા મારવાનું શરૂ કરી દીધુ હતું. બરાદર સતત તાલિબાન સરકારની કેબિનેટમાં બિન-તાલીબાની અને અલ્પસંખ્યકોને જગ્યા આપવા માટે દબાણ કરી રહ્યો હતો. જેથી દુનિયાના અન્ય દેશ તાલિબાન સરકારને માન્યતા આપે. આ ઝપાઝપી પછી થોડા દિવસો માટે બરાદર થોડા દિવસો માટે ગુમ થઈ ગયો હતો અને થોડા સમય પછી તે કંધારમાં જોવા મળ્યો હતો. રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે બરાદરે આદિવાસી નેતાઓ સાથે મુલાકાત કરી, જેનું સમર્થન પણ તેને મળ્યું હતું. જોકે બરાદર પર પ્રેશર નાખીને તેની પાસે વીડિયો મેસેજ બનાવવામાં આવ્યો હતો. મેગેઝિને દાવો કર્યો હતો કે, આ વીડિયોમાં એવુ લાગતું હતું કે બરાદરને બંધક બનાવવામાં આવ્યો હતો.

## બંગાળની ખાડીને લઈને ભારત વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રમાં પહોંચ્યું બાંગ્લાદેશ

નવી દિલ્હી,

બંગાળની ખાડી દક્ષિણ અશિયન વિસ્તારમાં રણનૈતિક રૂપે ખૂબ મહત્ત્વપૂર્ણ છે જે બાંગ્લાદેશ, ભારત અને મ્યાંમાર જેવા દેશો વચ્ચે વિભાજિત છે. બંગાળની ખાડી ખાસ કરીને બાંગ્લાદેશ માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે, આ જગ્યા હિલ્સા અને અન્ય કેટલીક માછલીઓનો મુખ્ય સ્રોત છે. કિનારા પાસે રહેનારા લાખો લોકો બંગાળની ખાડીમાં માછલી પકડીને ગુજરાન ચલાવે છે.બાંગ્લાદેશે સંયુક્ત રાષ્ટ્ર (UN)ને અપીલ કરી છે કે, બંગાળની ખાડીના દક્ષિણી ભાગમાં સમુદ્રી સીમાને લઈને ભારત સાથે જૂના વિવાદને સોલ્વ કરવામાં આવે. એક રિપોર્ટ મુજબ, સંયુકત રાષ્ટ્રના મુખ્યાલયમાં બાંગ્લાદેશના એક સ્થાયી મિશને ભારત વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવને બે અપીલ દાખલ કરી છે. બાંગ્લાદેશના પૂર્વ સચિવ શાહીદુલ હકે એનાદોલુ એજન્સી સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ વિવાદ બંને દેશો વચ્ચે ઘણા વર્ષોથી પેન્ડિંગ છે. આ મુદ્દાને લઈને બંને દેશો વચ્ચે ડઝનો દ્વિપક્ષીય બેઠક પણ થઈ છે પરંતુ. તેઓ આ મુદ્દાનું નિવારણ કરવામાં અસફળ રહ્યા છે. તેમણે આગળ કહ્યું કે, હવે બંને દેશોએ સંયુક્ત રાષ્ટ્રમાં જવાનો નિર્ણય લીધો છે અને અમને આશા છે કે સંયુક્ત રાષ્ટ્ર આ મુદ્દે સ્થાયી સમાધાન કાઢવામાં સફળ રહેશે. તેમણે એમ પણ કહ્યું કે, બાંગ્લાદેશે સંયુક્ત રાષ્ટ્રમાં અરજી દાખલ કરવા સાથે જ પોતાની ભૂમિકા ભજવી દીધી છે. આ વર્ષના એપ્રિલ મહિનામાં ભારતે સંયુક્ત રાષ્ટ્રને પત્ર લખીને બાંગ્લાદેશ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી બેઝ લાઈનને લઈને વિરોધ વ્યક્ત કર્યો હતો. ઢાકા યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ રિલેશન્સના પ્રોફેસર અને રાજદૂત વિશ્લેષક ચૌધરી રફીકુલ અબરારે એનાદોલુ એજન્સી સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, બંગાળની ખાડી બાંગ્લાદેશ માટે એક અનોખુ અને મહત્ત્વપૂર્ણ સંશાધન છે અને બાંગ્લાદેશની સંપ્રભુતાનો સંબંધ આ દેશના સમુદ્રી વિસ્તાર સાથે છે. રફીકુલે ભારતને આગ્રહ કર્યો કે તેઓ આ વિવાદને સોલ્વ કરવામાં સમુદ્રી કાયદાને લઈને સંયુકત રાષ્ટ્ર કન્વેન્શનના પ્રાવધાનોનું પાલન કરે. તેમણે કહ્યું કે, ભારત અને બાંગ્લાદેશ દાવો કરી રહ્યા છે કે બંને દેશ વચ્ચે સારા સંબંધ છે. એવામાં મને આશા છે કે બંને જ દેશ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા લેવામાં આવનારા નિર્ણયને સ્વીકારતા આ દશકો જૂના વિવાદને સોલ્વ કરવામાં સફળ થશે. સંયુક્ત રાષ્ટ્રમાં બાંગ્લાદેશના દાવા મુજબ ભારતનો બેઝ પોઈન્ટ ૮૯ બાંગ્લાદેશની સમુદ્રી સીમા પાસે સ્થિત છે.

## પંજાબ નેશનલ બેકે લઘુતમ બેલેન્સ દંડ પેટે ૧૭૦ કરોડ વસુલ્યા

નવી દિલ્હી,

ભારતમાં બેકો દ્વારા ગ્રાહકો માટે લઘુતમ બેલેન્સના નિયમો લાગું કરાયા બાદ જબરી કમાણી થઈ રહી છે અને પંજાબ નેશનલ બેકે ૨૦૨૦-૨૧માં ત્રિજા અને ચોથા કવાટર એટલે કે છ માસમાં જ લઘુતમ બેલેન્સ નહી રાખવા બદલ ગ્રાહકો પાસેથી રૂા.૧૭૦ કરોડનો દંડ વસુલ્યો છે. બેકે તેના અગાઉના વર્ષ ૨૦૧૯-૨૦માં એક જ વર્ષમાં રૂા.૨૮૬.૨૪ કરોડની રકમ લઘુતમ બેલેન્સ નહી રાખવાના દંડની વસુલી હતી. બેકોને ઈનઓપરેટીવ ખાતા જેમાં લાંબા સમયથી કોઈ વ્યવહાર થતા ન હોય તેમાં ૪.૨૭ કરોડ ખાતા છે.

# સંતરામપુરના નરસિંગપુરના વન વિહાર સોસાયટીનો રસ્તો મંજુર થયા છતાં ન બનાવાતા રહિશોમાં રોષ

સંતરામપુર,
સંતરામપુર તાલુકાની નરસિંગપુર ગ્રામ પંચાયતમાં વન વિહાર સોસાયટીમાં રસ્તો મંજૂર કર્યા પછી પણ બનાવવા માટે પંચાયતની આળસ સંતરામપુર તાલુકાના નરસિંગપુર ગ્રામ પંચાયતમાં વન વિહાર સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી રસ્તાને સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે સોસાયટી વિસ્તારના રહીશોએ રસ્તાઓ બનાવવા માટે અનેકવાર રજૂઆત કરવા છતાં પરંતુ આજદિન સુધી આ રસ્તો બનાવવામાં આવેલ નથી. ચોમાસા દરમિયાન માં સોસાયટી વિસ્તારના રહીશોની હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. અહીંયા જ આ રસ્તા ઉપર ચોવીસે કલાક પાણી ભરેલા ખાડા હોવાના કારણે મચ્છરોના ઉપદ્રવ સતત વધારો થઈ રહ્યો છે. અત્યારે પણ સંતરામપુર નગરમાં ડેન્ગ્યુ બીમારી નું વાવડ ચાલી રહ્યું છે. જ્યારે વન વિહાર સોસાયટીમાં અંદર પ્રવેશ કરતા જ પાણી ભરેલા ખાડાઓથી હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. કેટલીકવાર અહીંયા આવા મોટા ખાડા હોવાના કારણે અકસ્માત સર્જાતો હોય છે. નરસિંગપુર ગ્રામ પંચાયતમાં સરપંચ અને તલાટીની મિલીભગતના કારણે અનેક વાર રસ્તો મંજૂર હોવા છતાંય આ રસ્તો બનાવવામાં આવતો જ નથી. સ્થાનિક સોસાયટી વિસ્તારોની રજૂઆત છે કે વહેલી તકે આ રસ્તો અમારો બનવો જોઈએ તેવી એમની માગણીઓ ઊભી થયેલી છે અને નરસિંગ ગ્રામ પંચાયતમાં કયા કારણોસર મંજુર થયા પછી પણ રસ્તો કેમ નથી. બનાવતા તપાસનો વિષય ચર્ચાનો વિષય બન્યો છે.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

# બાલાસિનોરના ઓથવાડા PHC વેક્સિનેશન સેન્ટર બંધ કરાતા તાલુકા પ્રા.આરોગ્ય અધિકારી દ્વારા નોટિસ અપાઈ

બાલાસિનોર,
બાલાસિનોર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરની સામે મહિસાગર જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરની તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. વેક્સિનેશન સેન્ટર બંધ કરી જતા રહેતા ડો.સકસેના ને તાલુકા આરોગ્ય અધિકારી દ્વારા નોટિસ આપવા જણાવ્યુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના હેલ્થ ઓફિસર દ્વારા ઓથવાડ પ્રા.આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેવામાં આરોગ્ય કેન્દ્ર ખાતે તાળા કરેલા હતા આ અંગે ટેલિફોનીક વાતચીત કરતા મેડિકલ ઓફિસર સકસેના ભાથલા ગામે વેક્સિનેશન સેન્ટર ઉપર ગયો છુ તેમ જણાવ્યુ હતુ. ભાથલા ગામે વેક્સિનેશન સેન્ટર પર હાજર કર્મચારીની ટેલિફોનીક વાતચીત કરતા તેઓએ અહિ આવ્યા જ નથી તેમ જણાવ્યુ હતુ. અગાઉ પણ તાલુકા કક્ષાની મિટીંગોમાં બહાના બતાવીને ગેરહાજર રહ્યા હતા. તથા વેક્સિનેશન સેન્ટર પરની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જતા એફ.એચ.ડબ્લ્યુ.એસ.બી.દરજી તેમજ મેડિકલ ઓફિસર સકસેનાને નોટિસ ફટકારવામાં આવી છે. અગાઉ પણ સિનીયર સિટીઝન સાથે ગેરવર્તન કરતા ઘોડબાઈના મુવાડાના ડોકટર વિરુદ્ધ આક્ષેપ કરતી અરજી ગાંધીનગર અધિક નિયામકને કરેલ છે.

# ગોધરા-વેજલપુર રોડ ખરસાલીયા ચોકડી પાસે ૧.૩૦ લાખનો દારૂ ઝડપાયો



ગોધરા,
ગોધરા એલ.સી.બી. પોલીસ વેજલપુર તરફ પેટ્રોલીંગમાં હતા. નાંદરખા ત્રણ રસ્તા વાહન ચેકીંગ કરી રહ્યા હતા. ચેકીંગ દરમિયાન ફોર વ્હીલ ગાડીને રોકવા ઈશારો કરતા ગાડી લઈ ચાલક વેજલપુર તરફ ભાગવા લાગ્યો હતો. પોલીસે પીછો કર્યા હતા. ગાડી ચાલક ખરસાલીયા ચોકડી પાસે ગાડી માંથી ૧,૩૧,૫૬૦/-રૂપીયાના દારૂ સહિત ગાડી મળી ૪,૩૧,૫૬૦/- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસે વેજલપુર રોડ ઉપર પેટ્રોલીંગ હોય અને નાદરખા ત્રણ રસ્તા પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. તે દરમિયાન મહિન્દ્ર એકસ.યુ.વી. ગાડીને બેટરીના અજવાળે ઉભી રાખવાનો ઈશારો કરતા વાહન ચાલકે વેજલપુર તરફ ભાગવા લાગ્યો હતો. પોલીસે સરકારી અને ખાનગી વાહન થી પીછો કર્યો હતો. વેજલપુર ખરસાલીયા ચોકડી પાસે બમ્પ આવતા વાહન ચાલક પોતાનું વાહન છોડીને નાશી છુટીયો હતો. પોલીસે વાહન ચેકીંગ કરતાં પ્રીમીયમ બીયર બોટલ નંગ-૧૨૦, સ્ટોગ વ્હિસ્કી બોટલો નંગ-૨૪, રીઝર્વ વ્હીસ્કી બોટલો નંગ-૫૮, ફલેવર કવાટરીયા નંગ-૯૬ મળી ૧,૩૧,૫૬૦/- રૂપીયા એકસ.યુ.વી. ગાડી મળી ૪,૩૧,૫૬૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

# ગાંધીનગર મનપામાં સામિલ નવા ગામોમાં હવે નવા રસ્તાઓ બનશે



ગાંધીનગર,
ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણી કોરોનાના કારણે સમયસર નહીં યોજાતા ન્યુ ગાંધીનગરના વસાહતીઓએ રસ્તાઓને લઈને વધુ હાલાકી વેઠવાની આવી છે. પરંતુ હવે ચૂંટણી પૂર્ણ થવાની સાથે જ રસ્તાના નવીનીકરણના કામ કરવા માટે ગુડાનું તંત્ર હરકતમાં આવી જવાનું છે. હાલમાં ન્યુ ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીના કારણે રસ્તાની હાલત હતા ન હતા જેવી અને ઘણા સ્થળોએ તો રસ્તા બન્યા જ ન હોય તેવી થઇ ગઇ છે. પરિણામે રસ્તાની સુવિધાના બદલે દુવિધાથી રહેવાસીઓ અને વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. અધિકારી સુત્રોએ એમ કહ્યું કે સ્ટોર્મ વોટર લાઈનના ખાડ પુરવાનું કામ તો શરૃ કરવામાં આવ્યું જ પરંતુ દિવાળી પહેલા લોકોને રસ્તાની સમસ્યાથી છુટકારો મળી જાય તે પ્રકારે આયોજન કરાશે.મહાનગર પાલિકામાં સમાવિષ્ટ ન્યુ ગાંધીનગર સહિત ગુડા વિસ્તારમાંથી પસાર થનારને તે રાજ્યના પાટનગરના બદલે ગામડામાં પ્રવેશી ગયા હોય તેવો અનુભવ થયા વગર રહેતો નથી, સમગ્ર વિસ્તારમાં રસ્તા તૂટીને મગરની પીઠ જેવા બની ગયા છે. પરંતુ હવે મહાપાલિકાની ચૂંટણી પૂર્ણ થયા બાદ અહીં પાટનગરને છાજે તેવા રસ્તા બનાવવા માટે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા આયોજન શરૃ કરી દેવામાં આવ્યું છે. સુત્રોના જણાવવા પ્રમાણે કોબા, રાયસણ, રાંદેસણ, સરગાસણ, કુડાસણ, કોલવડા, વાવોલ, પેથાપુર અને ચિલોડા વિસ્તારમાં રસ્તાના નવીનીકરણ કરવા માટે તાંત્રિક તૈયારીઓ શરૃ કરી દેવામાં આવી છે અને આગામી મહિનાના પ્રથમ અઠવાડિયા બાદ તેના માટે ટેન્ડર પ્રક્રિયા પણ શરૃ કરીદેવામાં આવશે. ગુડા તંત્રની ઈજનેરી શાખા દ્વારા રસ્તાના નવીનીકરણ માટે મોટા પાયે આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તેના પાછળ રૃપિયા ૩૦ કરોડ ઉપરાંતનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. સમગ્ર યોજના તૈયાર કરીને રાજ્યના શહેરી વિકાસ વિભાગને મંજુરી માટે મોકલી આપવામાં આવશે અને મહાપાલિકાની ચૂંટણી બાદ મંજુરી મળતની સાથે જ કામ હાથ રવા માટે તંત્ર તૈયાર રહેવાનું છે અને અંદાજે ૩૫થી ૪૦ કિલોમીટર લંબાઈમાં રસ્તાના નવીનીકરણનું કામ કરવામાં આવશે.

# ગુજરાતની જુના મંત્રીમંડળના નિર્ણયો હવે નવા મંત્રીઓ બદલી નાંખશે..!!

અમદાવાદ,
ગુજરાત સરકારના સો ટકા પ્રધાનોને રિપ્લેસ કરી દેવામાં આવ્યા ત્યારબાદ ગુજરાતના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમના પ્રધાન મંડળના મંત્રીઓ પ્રજા વિરોધી નિર્ણયોને ઉલટાવે તેવી પ્રજાજનોની અપેક્ષા છે. ગુજરાત સરકારની વીજ વિતરણ કંપનીઓએ પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરનારાઓને ફોન કરી કરીને તેમના કરારો રદ કરી જેવાની ફરજ પાડી છે. પરિણામે ૪૦૦૦માંથી ૨૬૦૦ જેટલા લોકોએ કરારા રદ કર્યા છે. તેથી સરકાર સાથે કરાર કર્યા પછી રૂા. ૧૦,૦૦૦ કરોડનું ઈન્વેસ્ટમેન્ટ કરનારાઓને રૂા. ૨૨૦૦ કરોડનું નુકસાન થયું હોવાની ફરિયાદ થઈ છે. રણાં કરીને નિર્ણય લેવાની તેમણે ખાતરી આપી છે. અત્યારે તો તેઓ વિધાનસભાના સત્ર માટેની તૈયારીમાં હોવાનું તેમણે જણાવ્યું હતું. પાવર પરચેઝ એગ્રીમેન્ટ થયાના એક જ મહિના બાદ ગુજરાત સરકારે કરારમાંથી હટી જવાનો નિર્ણય કરીને ગુંલાટ મારી હોવાથી પ્રજા સાથે સરકારે દગો કર્યો હોવાની લાગણી બળવતર બની છે.સોલાર પાવર પરની સબસિડી પાછી ખેંચી લેવાના અંગે ઉદ્યોગ ખાતાના, ૧૯૮૨થી ૧૯૯૯ના ગાળામાં વેચાયેલી મિલકતના એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવાના, કોરોનાના કાળમાં ઓક્સિજન અને રેમડેસિવિરની અછતને કારણે જાન ગુમાવનારા સેંકડો હજારો દર્દીઓના સ્વજનોની નારાજગી દૂર કરવામાં ગુજરાતના નવા પ્રધાનમંડળના મંત્રીઓ અને નવા મુખ્યમંત્રી સફળ થશે કે કેમ તે એક ચર્ચાનો વિષય બન્યો છે. આ જ રીતે મહેસૂલ મંત્રી કૌશિક પટેલેના નેતૃત્વ હેઠળ સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ ૧૯૮૨થી ૧૯૯૯ના ગાળામાં મિલકતોની ખરીદી કરનારાઓને આપવામાં આવેલા એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવાનો વિવાદાસ્પદ નિર્ણય લઈને રજિસ્ટ્રેશન માટે આવેલા સેંકડો હજારો દસ્તાવેજોને ટલ્લે ચઢાવી દીધા છે. આ નિર્ણયને પરિણામે બે ચાર વાર હાથ બદલા થઈ ચૂકેલી મિલકતો પર પણ સ્ટેમ્પ ડયૂટીની જવાબદારી આવી ગઈ છે. તેમના દસ્તાવેજોનુ 'રજિસ્ટ્રેશન કરવાને બદલે ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ)ને મોકલી આપવામાં આવે છે. કલેક્ટર કચેરીના કોઈપણ અધિકારીઓ તેમને માથે જવાબદારી લેવા ન માગતા હોવાથી તેના પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવી કે નહિ તે અંગે નિર્ણય લેવાનું ડેપ્યુટી કલેક્ટર પર છોડી રહ્યા છે. સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ દ્વારા ૧૯૮૨થી ૧૯૯૯ના ગાળામાં મિલકતના એલોટમેન્ટ લેટર પર સ્ટેમ્પ ડયૂટી વસૂલવાના કરવામાં આવેલા પરિપત્રને પરિણામે અટકી પડેલા દસ્તાવેજોને કારણે હાલાકીનો સામનો કરી રહેલી પ્રજાના પ્રશ્નોનો નવા મહેસૂલ મંત્રી ઉકેલ આપશે તેવી આશા પ્રજાજનો રાખી રહ્યા છે. નવા મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે આ બાબતમાં મારૂં ધ્યાન દોરવામાં આવી રહ્યું છે, તેનો અભ્યાસ કરી લઈને હું પણ સમય આવ્યે તે અંગે નિર્ણય લઈશ. પૂર્વ આરોગ્ય મંત્રી નીતિન પટેલના શાસન કાળમાં કોરોના કાળમાં ગુજરાત સરકાર કોરોનાનો શિકાર બનેલા દર્દીઓને ઓક્સિજન કે પછી રેમડેસિવિર તથા મ્યુકર માઈકોસિસના દર્દીઓને જરૂરી ઈન્જેકશન પૂરા પાડવામાં નિષ્ફળ રહી હોવાથી અને તેને પરિણામે સંખ્યાબંધ દર્દીઓએ જાન ગુમાવ્યા હોવાથી ગુજરાત સરકાર વગોવાઈ હતી. તદુપરાંત ખાનગી હોસ્પિટલ્સ દ્વારા દર્દીઓ પાસે આડેધડ લેવાતા ચાર્જને અંકુશમાં લઈને વાજબી ભાવે સારવાર અપાવવામાં નવા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ શું પગલાં લેશે તેના પર નજર માંડી રહ્યા છે. જોકે ઋષિકેશ પટેલનું કહેવું છે કે એકાએક કેસો વધી ગયા હોય તેવા સંજોગોને બાદ કરતાં કોરોના કાળમાં ગુજરાત સરકારની કામગીરી ઘણી જ સારી રહી હતી. સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યુશન સોલાર પ્રોજેકટની યોજના હેઠળ ગુજરાત સરકારના પૂર્વ ઉર્જા મંત્રી સૌરભ દલાલના નેજા હેઠળ ચાલતી ગુજરાત ઉર્જા વિકાસ નિગમની વીજ વિતરણ કંપનીઓએ સોલાર પ્રોજેક્ટ નાખવા માટે ૪૦૦૦ ઈન્વેસ્ટર્સ સાથે યુનિટદીઠ રૂા. ૨.૮૩ના ભાવે પાવર પરચેઝ એગ્રીમેન્ટ કર્યા પછી તેમને કેપિટલ સબસિડી પેટે રૂા. ૩૫ લાખ અને વ્યાજની સબસિડી પેટે ૭ ટકા વ્યાજ માફી આપવી ન પડે તે માટે કરાર રદ કરી દેતા ગુજરાતમાં ભારે હોબાળો થયો છે.

# સરકારની અણઆવડતને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા : હાર્દિક પટેલ

રાજકોટ,
કોરોના મહામારીમાં રાજ્યના નાગરિકોને ન્યાય મળે એ માટે કોવિડ-૧૯ ન્યાયયાત્રા ૧૬ ઓગસ્ટથી કોંગ્રેસ પક્ષે શરૂ કરી હતી. કોવિડ-૧૯ ન્યાયયાત્રામાં ૨ અઠવાડિયાંના સમયગાળામાં જ ૨૨,૦૦૦ કરતાં વધુ પરિવારોની મુલાકાત લઈ તેમને સાંત્વના આપી હતી. કોંગ્રેસ પક્ષની જે માગ છે એ અંગે જે પરિવારોએ તેમનાં સ્વજન ગુમાવ્યાં છે એ માગ સરકાર સમક્ષ રજૂ કરવા માટે ૩૧,૮૫૦ કરતાં વધુ ફોર્મ મૃતકનાં પરિવારજનોએ ભરીને આપ્યાં છે. એનો અર્થ ગુજરાતમાં સરકારના ૧૦,૦૮૧ સત્તાવાર કોરોના દર્દીઓના મૃત્યુઓના આંકડા છે તેના કરતાં ત્રણ ગણાથી વધુ મોતની માહિતી માત્ર ૪ અઠવાડિયાંમાં કોંગ્રેસ પક્ષની કોવિડ-૧૯ ન્યાયયાત્રામાં સામે આવી છે. કોવિડ-૧૯ ન્યાયયાત્રાનો મતલબ સ્પષ્ટ છે કે કોરોના મહામારીમાં જે લોકોએ સામનો કર્યો હતો તે પરિવારને ન્યાય મળે. જે પરિવારે મેડિકલના નામે સહાય માગી હતી તેમને સહાય મળવી જોઈએ. લાખો રૂપિયાના ખર્ચા મેડિકલમાં થયા છે તે પરિવારને સહાય આપવા માટે સરકારે ચિંતા કરવી જોઈએ. આપણું બંધારણ કહે છે કે શિક્ષણ અને મેડિકલમાં કોઈપણ પ્રકારનો ખર્ચો ન હોવો જોઈએ. આ સરકાર લોકોની સેવા કરવા માટે નિષ્ફળ ગઈ છે. લોકોને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો છે. સરકારની ખોટી નીતિને કારણે લાખો લોકોનાં મૃત્યુ થયાં છે. ૨૫ વર્ષથી શાસન કરતી સરકાર પાસે હોસ્પિટલમાં બેડ ન હોય તો લોકો માટે શું કરશે?.કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ બન્યા બાદ હાર્દિક પટેલની સૌરાષ્ટ્ર મુલાકાતમાં વધારો થયો છે. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ભાજપનું વર્ચસ્વ વધુ હોવાથી તથા સૌરાષ્ટ્રમાં ભાજપના જૂથવાદ તેમજ કોંગ્રેસમાં પોતાના સારા દેખાવને કારણે અવારનવાર સૌરાષ્ટ્રની મુલાકાત લેતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બીજી તરફ સુરત બાદ સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીની નજર હોવાથી સૌરાષ્ટ્રમાં કોંગ્રેસને વધુ મજબૂત કરવા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ અને દ્રજીના આગેવાનો અને કાર્યકર્તા સાથે સમયાંતરે બેઠકો યોજી રહ્યા છે.કોવિડ-૧૯ ન્યાયયાત્રાને લઈને ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલ આજે રાજકોટ આવ્યા છે. હાર્દિક પટેલે પ્રેસ-કોન્ફરન્સ યોજી સરકારને આડેહાથ લીધી હતી. તેમણે જણાવ્યું હતું કે કોરોનામાં CM તરીકે રૂપાણી અને તેમનું આખું મંત્રીમંડળ ફેલ થતાં આ બધું બદલાવવામાં આવ્યું છે. જ્યારે અમારા તો પ્રમુખ અને વિપક્ષનેતાએ જ રાજીનામાં આપ્યાં છે. જોકે હાઈકમાન્ડે હજુ સુધી બંનેનાં રાજીનામાં સ્વીકાર્યાં નથી હાર્દિકે વધુમાં જણાવ્યું હતું કે નવી સરકાર પાસે કોઈ અપેક્ષા નથી, નવી સરકારમાં ન તો ભણતર છે ન તો ગણતર છે. ઉત્તરાખંડ જેવી સ્થિતિ સર્જાય તો નવાઈ નહીં. કદાચ એક મહિના પછી ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી ન પણ હોય. કોંગ્રેસ પાર્ટી ટૂંક સમયમાં ગુજરાત રાજ્યને નવા પ્રભારી આપશે. આ પ્રભારી ગામડે ગામડે પહોંચી ૨૦૨૨ના લક્ષ્યાંક સાથે મેદાને ઊતરશે. કોરોના મહામારીને કારણે અમારી પાર્ટીએ કોઈ બદલાવ કર્યો નથી. કોવિડ-૧૯ની બીજી લહેર દરમિયાન સરકાર દ્વારા હોસ્પિટલોમાં પૂરતાં બેડ ન આપી શકવા અને સમયસર રેમડેસિવિર ઈન્જેકશનનો જથ્થો ન આપી શકવાથી લોકોનાં મૃત્યુ થયાં છે. સરકારની અણઆવડતને કારણે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. આ કારણે ગુજરાતના મુખ્યમંત્રી અને મંત્રીઓ બદલવાની જરૂર પડી છે. દિલ્હીથી બેઠા બેઠા ગુજરાત ચલાવનારી સરકાર હવે આગળ નહીં ચાલે. કોંગ્રેસ મુદ્દા આધારિત ચૂંટણી લડે છે અને ભાજપ જાતિ આધારિત ચૂંટણી લડે છે.



# ગુરુવારથી શરૂ થશે મા કાર્ડ યોજનાનો મેગા ડ્રાઈવ

ગાંધીનગર,
રાજ્યમાં મા કાર્ડ યોજનાને ૯ વર્ષ પુર્ણ થયા હતા. ત્યારે આ યોજનાને વધુ આધુનિક અને સરળ બનાવવા માટે સરકારે મા કાર્ડલ્ર યોજનાને હવે પીએમ જે.એ.વાય (PMJAY)યોજનામાં સમાવેશ કરવામાં આવી હોવાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત લાભાર્થીઓના પરીવાર દીઠ નહી પરંતુ વ્યક્તિ દીઠ ઓળખ કાર્ડ આપવામાં આવશે.હાલ રાજ્યમાં ૮૦ લાખથી વધુ પરિવારના લોકો 'મા કાર્ડલ્રનો લાભ લઈ રહ્યા છે.જે અંતર્ગત લાભાર્થીઓને ૫ લાખ રૂપિયાનું આરોગ્ય કવચ આપવામાં આવે છે.ગુજરાતના આપને દ્વાર આયુષ્યમાન કાર્ડ યોજના અંતર્ગત ૮૦ લાખ પરિવારોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) હેઠળ આવરી લેવામાં આવશે. જેમાં લોકોને આયુષ્યમાન કાર્ડ આપવામાં આવશે તેમજ આ અંગેનો મેગા ડ્રાઈવ રાજયમાં ગુરુવારથી શરૂ કરવામાં આવશે અને આગામી ત્રણ માસ સુધી ચાલશે. આ અંગે માહિતી આપતા રાજયના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સરકારનું લક્ષ્ય દરેક નાગરિકને આરોગ્ય સુવિધા પૂરી પાડવાનું છે.જેના પગલે આ મેગા ડ્રાઈવમાં ગ્રામ્ય સ્તરે, પીએચસી, સીએચસી, સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સામાન્ય અને ગરીબ તમામ વર્ગના લોકોને આ કાર્ડનો લાભ અપાશે.રાજ્યમાં ત્રણ માસ સુધી ચાલનારી આ ડ્રાઈવમાં લોકોને તેનો મહત્તમ લાભ લેવા માટે પણ તેમણે અપીલ કરી હતી. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે રાજયમાં મા કાર્ડને આયુષ્યમાન કાર્ડ જોડે જોડવામાં આવ્યું છે. તેમજ મા અને મા વાત્સલ કાર્ડને જોડવામાં આવશે જેની કલબિંગની કામગીરી શરૂ થઈ ગઈ છે.

# અડાદરા સેવાશ્રમ આશ્રમ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન કરાયું



ગોધરા,
પંચમહાલ જીલ્લાના વેજલપુર પાસે આવેલી બેઢીયા મુકામે આવેલ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન દિવ્ય દ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દેવરાજ ઈન્સ્ટિટયૂટ ઓફ સોશિયલ વર્ક કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રિતેશ.પી. પરમાર, પ્રિયંકાબેન.પી. પરમાર,ઘર્મિષ્ઠા.વી.પરમાર દ્વારા અડાદરા ગામે આવેલ સેવાશ્રમ આશ્રમ શાળા ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમા આશ્રમ શાળાના વિદ્યાર્થીઓએ મનોરંજન કાર્યક્રમો કોવિડ ગાઈડલાઈન પ્રમાણે યોજ્યા હતા.અને આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# મહંત નરેન્દ્રગિરિનો મૃતદેહ શંકાસ્પદ પરિસ્થિતિમાં મળ્યો

ઉત્તરપ્રદેશ,
અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ અને નિરંજની અખાડાના સચિવ મહંત નરેન્દ્રગિરિ (૭૦)નો મૃતદેહ સોમવારે સાંજે શંકાસ્પદ પરિસ્થિતિમાં મળ્યો હતો. નરેન્દ્રગિરિના ચહેરા પર તણાવ દેખાઈ રહ્યો હતો. સૂતેલા હનુમાન મંદિરના કર્મચારીઓનું કહેવું છે કે તેમના વર્તનમાં પહેલાં ક્યારેય આવો ફેરફાર થયો નથી, તેઓ સંગમના કિનારે આવેલા લેટે હનુમાન મંદિરે પહોંચ્યા બાદ સવારે આઠ વાગ્યા સુધી પ્રાર્થના કરતા હતા, પરંતુ ગઈકાલે સવારે તેઓ ત્યાં ગયા ન હતા. લોકોને લાગ્યું કે મહંતની તબિયત સારી નહીં હોય, તેથી તેઓ નથી આવ્યા. મહંત નરેન્દ્રગિરિએ પોતાની સુસાઈડ નોટમાં દરેક મુદ્દા લખ્યા છે. તેમણે એ નોંધમાં પણ લખ્યું છે કે તેમની સમાધિ મઠમાં આવેલા લીમડાના ઝાડ નીચે યજ્ઞશાળા પાસે બનાવવામાં આવે. આહવાન અખાડાના કમલગિરિ મહારાજે પણ જણાવ્યું હતું કે અગાઉ વાતચીત દરમિયાન તેમણે બ્રહ્મલીન થવા પર મઠમાં જ સમાધિ બનાવવાની વાત કરી હતી.મહંત નરેન્દ્રગિરિની અંતિમયાત્રા સંગમ કિનારે સ્થિત સૂતેલા હનુમાન મંદિરે પણ લઈ જઈ શકાય છે, જેના માટે મઠ દ્વારા તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. જ્યારે રાત્રે જ ૧૩ અખાડાના સાધુ-સંતો બાધંબરી મઠ પહોંચ્યા અને શોક વ્યકત કરીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારે CBI તપાસ કરાવવી જોઈએ.આશ્રમના જે રૂમમાં જ્યાં મહંત નરેન્દ્રગિરિ મૃત હાલતમાં મળી આવ્યા હતા ત્યાં આશરે એક વાગ્યે તેઓ આરામ કરવા ગયા હતા. ત્યાંના સ્ટાફ અને શિષ્યોએ કહ્યું હતું કે તેઓ ઘણીવાર પહેલા માળે રહેલા રૂમમાં જ આરામ કરતા હતા. જ્યારે ગ્રાઉન્ડ ફ્લોર રૂમમાં, જ્યારે તેમને થોડો સમય રોકાવાનો હોય ત્યારે જ જતા હતા. સોમવારે તેઓ બપોરે એક વાગ્યાની આસપાસ ગ્રાઉન્ડ ફ્લોર રૂમમાં આરામ કરવા ગયા હતા. સાંજે ૫:૨૦ વાગ્યે તેમના મોતની જાણકારી મળી હતી.બાધંબારી મઠ ખાતે વેદ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે રાબેતા મુજબ મહંત નરેન્દ્રગિરિએ ૧૧:૩૦ વાગ્યે ઘંટ વાગતાં તમામ લોકો સાથે ભોજન કર્યું. ત્યાં હાજર શિષ્યો અને સ્ટાફ તરફથી તેમના હાલચાલ પણ પૂછવામાં આવ્યા હતા. એક શિષ્યે કહ્યું હતું કે તેમણે ભોજન કર્યું અને મારા હાલ પણ પૂછ્યા હતા.આઈજી રેન્જ કેપી સિંહે જણાવ્યું હતું કે સ્થળ પરથી ૭ પાનાંની સુસાઈડ નોટ મળી આવી છે. આમાં મહંત નરેન્દ્રગિરિએ વસિયતનામાની જેમ લખ્યું છે, એમાં શિષ્ય આનંદગિરિનો પણ ઉલ્લેખ છે. નરેન્દ્રગિરિ દ્વારા તેની સુસાઈડ નોટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કયા શિષ્યને શું આપવાનું છે? કેટલું આપવું? સુસાઈડ નોટમાં એવું પણ લખવામાં આવ્યું છે કે તે તેના કેટલાક શિષ્યોના વર્તનથી ખૂબ જ દુઃખી હતા અને તેથી જ તે આત્મહત્યા કરી રહ્યા છે. પ્રથમ નજરે તે આત્મહત્યાનો કેસ હોવાનું જણાય છે. અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ અને નિરંજની અખાડાના સચિવ મહંત નરેન્દ્રગિરિ (૭૦)નો મૃતદેહ સોમવારે સાંજે શંકાસ્પદ પરિસ્થિતિમાં મળ્યો હતો. તેમના અંતિમ દર્શન માટે પ્રયાગરાજ પહોંચેલા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે અખાડા પરિષદના સભ્યોનો અભિપ્રાય છે કે નરેન્દ્ર ગિરિનો પાર્થિવદેહ અંતિમ દર્શન માટે આજે બાધંબરી ગદી મઠમાં રાખવામાં આવશે. ત્યાર બાદ કાલે તેમનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે અને પછી ધાર્મિક સંસ્કારો મુજબ તેમને સમાધિ આપવામાં આવશે.



# પંચાયત વિભાગમાં છ મહિનામાં કરશે ૧૬૪૦૦ની ભરતી

ગાંધીનગર,
પંચાયત રાજ્ય મંત્રી બ્રીજેશ મેરજાની અધ્યક્ષતામાં આજે ડીડીઓની કોન્ફસન્સ બોલાવી છે. ગાંધીનગર સ્વર્ણિમ ૨ ખાતે રાજ્યના ડીડીઓની હાજર રહેશે. જિલ્લાના વિકાસ કામો અને ગ્રામ પંચાયત વિકાસ યોજનાઓ સંદર્ભે આ કોન્ફરન્સમાં ચર્ચા થશે. બ્રીજેશ મેરજાએ કહ્યું કે, પંચાયત વિભાગની ખાલી ૧૫૦૦૦ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. પંચાયતના ચૂંટાયેલા પધાધિકારીઓ નું માન સન્માન જળવાય તે માટે ddo ને મેં તાકીદ કરી છે. પદાધિકારીઓને વિશ્વાસમાં લઈને અધિકારીઓ કામગિરી કરે તો વધુ સારી રીતે કામગીરી થઈ શકશે. જન પ્રતિનિધિનું માન સન્માન ન જળવાય તે તૃટી ચલાવી નહિ લેવામાં આવે. હાલમાં પંચાયત વિભાગની કુલ ૧૬૪૦૦ જગ્યાઓ ખાલી છે. ટૂંકા ગાળામાં જ ભરતાની કાર્યવાહી કરવામાં આવશે. આવતા ૬ મહિનામાં આ ભરતી પુરી થાય તેવી અપેક્ષા છે. અગાઉ જિલ્લા કક્ષાએ ભરતી થતી હતી પરંતુ હવે નવેસરથી ભરતી પ્રક્રિયા કરવામાં આવશે. જુના ફોર્મ ભરાયા છે તેના ફોર્મ ફી પરત કરવામાં આવશે. બ્રિજેશ મેરજાએ કહ્યું કે, ગામનું કામ ગામમાં થાય તે રીતે સંચાલન થવું જોઈએ. સરપંચોને કરોડોની ગ્રાન્ટ ગ્રામીણ વિકાસ માટે આપવામાં આવે છે. સાથે જ ગ્રામીણ વિસ્તારમાં ૧૦૦ રસીકરણ થાય તે દિક્ષામાં કામ કરવા કહેવાયું છે.

## દેવગઢબારીયા તાલુકાના ગામડામાં

# નલ સે જલ યોજનામાં જનતાને ઠાગા ઠૈયા : સરકારની નિયુક્ત કરેલ એજન્સી વાસ્મોનું ભોપાળું

દાહોદ,

દેવગઢબારીયા તાલુકામાં કુલ ૮૨ જેટલાં ગામડાનો સમાવેશ થાય છે અને આ તમામ ગામડામાં ગામડાની પ્રજા માટે સરકારી તંત્ર દ્વવારા પીવાનું પાણી મળી રહે તે માટે દરેક ફળીયામાં હેન્ડપંપ તથા બોરસેટની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ગામડામાં ભાગ્યેજ કોઈ ઘર એવું હશે કે જ્યાં નજીકમાં પાણી માટે હેન્ડપંપની સુવિધા નહિ હોય. કેટલાક સરપંચોએ તો પોતાના ગામના લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે બોરસેટ, પાણીની ટાંકી અને ત્યાંથી ઘરે ઘરે પીવાનું પાણી માટે પાઈપલાઈનની વ્યવસ્થા કરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દેવગઢબારીયા તાલુકા સહીત જિલ્લાના મોટાભાગના તાલુકામાં પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ યોજના ગુજરાતની ભાજપા સરકાર દ્વવારા અમલમાં મુકવામાં આવી છે અને આ યોજના અંતર્ગત દેવગઢબારીયા તાલુકાના ગામડામાં વાસ્મો નામની કોઈ એજન્સી કામગીરી હાલમાં કરીરહી હોવાની જાણકારી મળી છે, પરંતુ આ એજન્સી મારફતે દેવગઢબારીયા તાલુકાના ગામડામાં લાખ્ખો નહીં પણ કરોડો રૂપિયાનું આંધણ ફેરવ્યું હોય તેમ સ્પષ્ટપણે માની શકાય છે. કારણકે, આ એજન્સી એ મોટીઝરી ગામમાં –૧૭૫, પીપલોદ માં –૧૪૩૯, હિંદોલિયા – ૮૦, અસાયડી –૩૪૦, ભથવાડા –૧૮૪, રામા –૧૧૪, નાથુડી – ૧૮૪, ભુવાલ – ૩૧૦ જેટલાં ઘરે નળ કનેકશન આપી દીધા હોવાનું જેતે ગ્રામ પંચાયતને જણાવ્યું છે. જયારે સ્થળ ઉપર તપાસ કરવામાં આવે તો કોઈના ઘરે નળનું કોઈ કનેકશન હજુ મળ્યું નથી. તાલુકાના દરેક ગામડામાં વાસ્મો એજન્સીની કોઈ નક્કર કામગીરી દેખવા મળતી નથી. માત્ર કાગળો ઉપર ઘરે ઘરે નળ સે જલ યોજના

**માત્ર કાગળ ઉપર બતાવવામાં આવ્યા છે આ ગામોમમાં નળ**

| | |
|---|---|
| મોટી ઝરી | ૧૭૫ |
| પીપલોદ | ૧૪૩૯ |
| હિંદોલીયા | ૮૦ |
| અસાયડી | ૩૪૦ |
| ભથવાડા | ૧૮૪ |
| રામા | ૧૧૪ |
| નાથુડ | ૧૮૪ |
| ભુવાલ | ૩૧૦ |

પુરી કરી અને ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પાસે વાસ્મો એજન્સીના કર્મચારીઓ કામગીરીના નાણાંની ઉઘરાણી માટે આંટા મારી રહયા છે.જયારે તેમને કામગીરી ગામડામાં જો પુરી કરી છે. તો ત્યાં સ્થળ ઉપર લાભાર્થીના ઘરે જઈને બતાવવાનું કહેતા કોઈને કોઈ બહાના બતાવી જિલ્લાના કોઈ ઉચ્ચ અધિકારીનું નામ ધરી દેતા હોવાની ખાનગી જાણકારી મળી છે. તો મતલબ એવો પણ હોય શકે છે કે જિલ્લાના ઉચ્ચ અધિકારી આ એજન્સીની કામગીરીમાં પોતે સંડોવાયેલ પણ હોય શકે છે અને જે અધિકારીના ઈશારે દેવગઢબારીયાના ગામડામાં વાસ્મો એજન્સીના કરોડો રૂપિયાના ગોટાળીયા બીલો પણ બની જાય. ગામડાની પ્રજાને ઘર ઘર નલ સે જલ આપવાની આ આખી યોજના હાલમાં ગામડામાં યથાવત પડી છે. ખાનગી એજન્સી એ માત્ર જયાં અને ત્યાં માત્ર સમ ખાવા પૂરતી જ કામગીરી કરી આતમસંતોષ માની લીધો છે. અસાયડી, વાડોદર, પીપલોદ, રેબારી અને મોટીઝરી આ ગામમાં જો સ્થળ ઉપર આવી સરકાર ની આ યોજનાની જો ખાત્રી કરવામાં આવે તો સાચા અર્થમાં ખ્યાલ આવશે કે દેવગઢબારીયાના બીજા ગામડામાં પણ આવું ભોપાળું જ બહાર આવશે. સ્થાનિક રાજ્યમંત્રી હજુ આ યોજના અંગેની કામગીરી કેટલી થઈ તે અંગે અજાણ હોય ખાનગી એજન્સી ગામડાના ભોળા સરપંચ અને તલાટીઓનો ગેરલાભ ઉઠાવી સરકારી તિજોરીને મોટું તો ઠીક પણ ખોટું નુકશાન પહોંચાડી રહી છે.

દેવગઢબારીયા તાલુકામાં ઘણાખરા ગામડા એવા છે કે, જે ગામડા ગ્રુપ ગ્રામપંચાયતમાં સમાવિષ્ટ છે અને જે ગામમાં ઓછા ઘર છે. ત્યાં નળ કનેકશન અપાઈ ગયા અને જ્યા વધારે ઘર છે. ત્યાં બાકી રહી ગયા તે કેમ માની શકાય. નજીકનાં જ ગામડા તોપણ કામગીરી કેમ બાકી રહી તે કોઈ જાણતું નથી.

આમ દેવગઢબારીયા તાલુકા ગામડાના લોકોને પીવાના પાણી માટે સરકારની નલ સે જલ યોજના ગામડાની પ્રજા માટે ફારસરૂપ નીવડી છે. સરકારના ઉચ્ચ અધિકારીઓ આ અંગે ખાનગીમાં જરૂરી તપાસ કરી ગામડાની જનતાની તરસ છીપાવવા પ્રયત્નો કરશે કે કેમ..??. તે હવે જોવું રહ્યું.

# દાહોદના નરેન્દ્ર સોની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં એકઝી. કાઉન્સીલ મેબ્મર નિમાતાં સન્માન સંમેલન કાર્યક્રમ યોજાયો

દાહોદ,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં એક્ઝીક્યુટીવ કાઉન્સીલ મેબ્મર તરીકે નિયુક્ત થવા બદલ નરેન્દ્રભાઈ સોનીનું શાળા સંચાલક દ્વારા સનમાન કરવામાં આવ્યુ હતુ.જેમાં જિલ્લાના ગણ્યમાન્ય શાળા સંચાલકો ઉપસ્થિત રહ્યા હતા. આ નિયુક્તિ થવાથી જિલ્લામાં ઉચ્ચતર શિક્ષણની દિશાઓ વિસ્તરશે તેઓ આશાવાદ સૌએ વ્યક્ત કર્યો હતો.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગુજરાત સરકારે થોડા સમય પહેલાં જ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની સ્થાપના કરી છે.આ યુનિવર્સિટી અંતર્ગત ૧૭૨ કોલેજોનો સમાવેશ તેમાં થાય છે. પાંચ જિલ્લાનીકોલેજોમાં આશરે ૧,૨૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેમજ પ્રાધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ મળી ૧૨૫૦ થી વધુ કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે.ગુજરાત સરકારે આ યુનિવર્સિટી જુદી બનાવતા સમગ્ર વિસ્તારના સંચાલકો ઉપરાંત વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને ઘણી મોટી રાહત થઇ ગઇ છે.કારણ કે કોઇ પણ કામ અર્થે પહેલાં અમદાવાદ સુધીના આંટાફેરા ખાવા પડતા હતા.કારણ કે તમામ મહાશાળાઓ ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત આવતી હતી.

સરકારે આટલી સુવિધા પુરી પાડી હતી. ત્યારે બીજી તરફ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની એક્ઝીક્યુટીવ કાઉન્સીલના મેમ્બર તરીકે દાહોદ જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સંસાથાઓના સંચાલક અને શિક્ષણવિદ એવા નરેન્દ્રભાઇ સોનીની નિયુકિત કરવામાં આવી છે.જેથી આ વિસ્તારના મહાશાળાઓના સંચાલકો અને યુનિવર્સિટી વચ્ચે તેઓ એક બંધ બનીને કાર્ય કરી શકશે અને પરિણામે સંચાલકો તેમજ વિદ્યાર્થીઓના કોઇ પ્રશ્નોનું નિરાકરણ સહેલાઇથી આવી શકશે.

નરેન્દ્રભાઇ સોની દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળના સભ્ય પણ છે. ત્યારે સંચાલક મંડળના સભ્યને એક યુનિવર્સિટીના એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યપદ મળવાનું બહુમાન પ્રાપ્ત થતાં સંચાલક મંડળના તમામ હોદ્દેદારો અને સભ્યોએ તેમનું સન્માન કર્યુ હતું. આ સન્માન ટાંણે દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ ગોપાલભાઇ ધાનકા, મહામંત્રી મગનભાઇ જાટવા, માજી સાંસદ ડો.પ્રભાબેન તાવિયાડ, દાહોદ જિલ્લા પંચાયતના માજી પ્રમુખ ડો.કિશોરભાઇ તાવિયાડ, ગરબાડાના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા, કલસિંહભાઇ મેડા, પી.ડી.સોલંકી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# દેવગઢ બારીઆ નગર ના શાન તેવા ટાવર ઉપર આકાશી વીજળી પડતા ટાવર નો અડધો મુગટ ધરાશય

દાહોદ,

દેવગઢબારિયા નગર ના શાન તેવા ઐતિહાસિક ટાવર ઉપર આકાશી વીજળી પડતાં ટાવરનો અડધો મુંગટ ધરાશય જાનહાની ટળી બે વાહનોને નુકસાન નગરજનોને જાણ થતાં ટાવર જોવા લોકોના ટોળા ઉમટ્યા.


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢબારિયા નગરમાં સવારે આઠ વાગ્યાના અરસામાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો અને ધોધમાર વરસાદના કારણે નગરમાં જાણે અંધારપટ જેવું વાતાવરણ થઈ ગયુ હતું. ત્યારે મોટા અવાજે ગાજવીજ થતા અને વીજળીના કડાકા થતા તેવામાં સવારના સાડા નવ વાગ્યાના અરસામાં આકાશી વીજળી નગરમાં ઐતિહાસિક ટાવર ઉપર પડતા ટાવરની ઉપરનો અને ટાવર નો મુગટ કહેવાય તેની ઉપર આકાશી વીજળી પડતા ટાવરનો જાણે અડધો મુંગટ તૂટી પડયો હતો ત્યારે અચાનક આકાશી વીજળી પડવાથી ટાવરનો મુગટ નીચે પડતા લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી. ત્યારે નીચેથી પસાર થતા બે વાહનોને પણ નુકસાન થવા પામ્યું હતું. જયારે મોટા અવાજના વીજળીના કડાકા થી ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારે આ આકાશી વીજળી ટાવર ઉપર પડી હોવાની વાત વાયુવેગે પ્રસરતા નગરજનો મોટી સંખ્યામાં ટાવરને જોવા માટે ઉમટી પડ્યા હતા. ત્યારે સદ્દનસીબે આ વીજળી પડવાથી કોઈ જાનહાની થવા પામી ન હતી બનાવની જાણ પાલિકાને થતા પાલિકાના કર્મીઓ દોડી આવ્યા હતા.

# મોત બાદ પણ મુશ્કેલીઓ ! દાહોદના જાલતમાં ઢીંચણ સમા કાદવમાંથી નનામીને લઈ જવા ગ્રામજનો મજબૂર


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાનાં જાલત ખાતે ભૂરીયા ફળિયાના રહીશોને રસ્તાના અભાવે કાદવ કીચડમાંથી પસાર થવું પડે છે અનેકવાર રજૂઆતો બાદ પણ સમસ્યાનું નિવારણ નથી આવી રહ્યું. હદ તો ત્યારે થાય જ્યારે કોઈ વ્યક્તિના મોત બાદ પણ નનામી લઈને જવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. તો જો કોઈ વ્યકિત બીમાર હોય અને તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવું પડે તો પણ આવી પરિસ્થિતિમાં જ પસાર થવું પડે છે.

સરકાર અનેક વિકાસના દાવાઓ કરી રહી છે આદિજાતિ વિસ્તારોમાં ગામડે ગામડે રોડ, વીજળી અને સુવિધાના મોટા મોટા દાવા થઈ રહ્યા છે પરંતુ દાહોદ તાલુકાનાં જાલત ખાતે સરકારના તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. જાલતના ભૂરીયા ફળિયામાં આશરે ૩૦૦ જેટલા ઘરો આવેલા છે અને આ વિસ્તારના રહીશોને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સ્મશાન ખાતે જવા માટે આજદિન સુધી રસ્તો નથી. મળ્યો કાચી માટીના રસ્તા ઉપરથી પસાર થવા મજબૂર છે. સૌથી વધુ કફોડી હાલત ચોમાસામાં થાય છે. જ્યારે કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો તેની અંતિમક્રિયા માટે નનામી લઈને સ્મશાન સુધી જવું એટ્લે સ્થાનિકો માટે કપરી સ્થિતિ સર્જાય છે આ રસ્તાની હાલત એટલી ખરાબ છે કે, વાહન તો દૂરની વાત અહી થી પગપાળા જવું એ પણ મુશ્કેલી ભર્યું કામ છે પગ મૂકતાં જ ઘૂંટણ સુધી પગ કીચડમાં ખુપી જાય છે. એવા રસ્તા ઉપરથી નનામી લઈને પસાર થવું પડે છે. કોઈ વ્યક્તિ બીમાર થાય તો પણ આજ સ્થિતિમાં પગપાળા લઈ જવા પડે છે. આવી સ્થિતિમાં સ્મશાન પહોચ્યા પછી પણ સ્મશાનની પણ સગવડ નથી. નદી કિનારે ખુલ્લામાં અંતિમક્રિયા કરવી પડે છે. વર્ષો થી આ વિસ્તારની આજ દયનીય હાલતમાં રહેતા ગ્રામજનોએ અનેકવાર રજૂઆત કરવા છતા રસ્તો બની રહ્યો નથી.

# લીમખેડાના અંબા ગામે જુગાર રમતા ૬ જુગારીયાને ઝડપ્યા

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના અંબા ગામે ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગંજી પત્તા પાના વડે જુગાર રમી રહેલ ૦૬ જુગારીઓને પોલીસે ઝડપી લઈને પોલીસે જુગારીઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રૂપીયા ૧૬૯૦ની રોકડ કબજે કરી છે.

લીમખેડા તાલુકાના અંબા ગામની ચોકડીથી થોડેક દૂર ખુલ્લી જગ્યામાં વિનોદભાઈ માલાભાઈ તડવી (રહે વચલુ ફળિયુ, ગામ અંબા) નરેશભાઈ મનીયા ભાઈ મીનામા (રહે. દેવ ફળિયુ, ગામ અંબા), પર્વતભાઈ મનીયા ભાઈ મિનામા (રહે. દેવ ફળિયુ, ગામ આંબા,), સુરેન્દ્ર ગુલાબ રાવત (રહે. રાવત ફળીયું, ગામ બાર) ગુલાબ રણીયા રાવત(રહે.રાવત ફળીયું, ગામ બાર) પર્વત ભાઈ ગમીર બારીયા (રહે,નિશાળ ફળીયૂ, ગામ અગારા) આમ છ શખ્સો ગોળ કુંડાળું વળીને પૈસા વડે હારજીતનો ગંજી પત્તા પાના વડે જુગાર રમી રહ્યાં હતાં. આ દરમ્યાન લીમખેડા પોલીસે મળેલી બાતમીના આધારે આ સ્થળે છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી પરંતુ જુગારીઓને ચારેય તરફથી પોલીસે ઘેરી લઈ તમામને ઝડપી પાડ્યાં હતાં છ જુગારીઓની અંગ ઝડતી અને દાવ પરથી કુલ રૂ.૧૬,૯૦ની રોકડ રકમ કબજે લઈ પોલીસે જુગારીઓ વિરૂદ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દાહોદ જિલ્લામાં પત્રકારો સાથે પ્રેસ પરિસંવાદ યોજાશે

દાહોદ,

આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે માહિતી નિયામકની કચેરી અને પ્રેસ અકાદમી, ગાંધીનગર તથા દાહોદ જિલ્લા માહિતી કચેરી દ્વારા આયોજિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં દાહોદ જિલ્લાનું યોગદાન વિષયક પ્રેસ પરિસંવાદનું આગામી તા. ૨૩ સપ્ટેમ્બર ને ગુરૂવારે આયોજન કરવામાં આવ્યું છે. દાહોદનાં સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતેના સભાખંડમાં સવારે ૧૦ વાગ્યાથી આ કાર્યક્રમ યોજાશે. જેમાં જાણીતા વક્તા ઇલાબેન દેસાઇ આઝાદીના સંગ્રામમાં દાહોદ જિલ્લાનાં યોગદાન વિશે વાત કરશે.

આ પરિસંવાદનાં અધ્યક્ષ કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી આઝાદી કા અમૃત મહોત્સવનું મહાત્મ્ય જણાવશે અને જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસર પણ આઝાદી અને સ્વયંશિસ્ત વિષય વક્તવ્ય આપશે. આઝાદીના સંગ્રામમાં દાહોદ જિલ્લાના યોગદાન વિશે ઇલાબેન વિગતવાર વાત કરશે. ઇલાબેન મહિલા અધ્યાપન મંદિરમાં આચાર્યા તરીકે ફરજ બજાવી છે. તેણી સ્વાતંત્ર્ય સેનાની પરિવારમાંથી આવે છે. તેમણે મહિલા શિક્ષણનાં ક્ષેત્રમાં નોંધનીય યોગદાન આપ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી આઝાદીનાં ૭૫ વર્ષ પૂરા થતાં દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે. જેના ભાગરૂપે દાહોદ જિલ્લાનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન વિશે ખાસ આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

# દાહોદ જીલ્લાના જળાશયોમાં પાણીની આવક વધતા ખેડુતોમાં આનંદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ભાદરવા માસમાં મેઘરાજા મહેરબાન થતાં દાહોદ જિલ્લામાં આવેલ ડેમોમાં પાણીના સપાટી પણ ઉપર આવી છે. જેમાં ઉમરીયા ડેમ અને હડફ ડેમની પાણીની સપાટી સંપુર્ણપણ ભરાઈ જવા પામી હોવાનું જાણવા મળી રહ્યું છે. ખેડુતોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે.

દાહોદ જિલ્લામાં ભાદરવાના આગમન સાથે નદી, નાળા વિગેરે જળાશયો પાણીથી ભરાઈ ગયાં છે. ખેડુત આલમમાં પણ આનંદ છવાઈ ગયો છે અને આ વર્ષે ખેતી પાક સારો થવાનો પણ આશા ખેડુત મિત્રોમાં બંધાઈ રહી છે. ત્યારે વાત કરીએ દાહોદ જિલ્લામાં આવેલ ડેમોની તો દાહોદ જિલ્લામાં આવેલ ૮ ડેમોમાં પાણીની એવી સારી સપાટી થવા પામી છે અને પાણીનો સંગ્રહ પણ એવો સારો જોવા મળી રહ્યો છે. પાટા ડુંગરીમાં હાલની પાણીની સપાટી ૧૩૮.૦૧ મીટર છે. માછણનાળા ડેમની ૬૦.૭૭ મીટર, કાળી–૦૨ ડેમની ૫૮.૨૦ ઉમરીયા ડેમની ૧૦૦ મીટર, અદલવાડા ડેમની ૮૦.૪૭ મીટર, વાક્લેશ્વર ડેમની પાણીની સપાટી હાલની ૫૮.૯૫, કબુતરી ડેમની પાણીની હાલની સપાટી ૩૦.૯૦ મીટર અને હડફ ડેમની પાણીની સપાટી ૧૦૦ મીટર રહેવા પામી છે.

# દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કસુંબીનો રંગ ઉત્સવ કાર્યક્રમ યોજાયો



દાહોદ,

દાહોદની નવજીવન ગર્લ્સ હાઈસ્કુલ ખાતે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, દાહોદ દ્વારા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મજયંતિ નિમિત્તે કસુંબીનો રંગ ઉત્સવ–૨૦૨૧ અન્વયે જિલ્લા કક્ષાની શોર્યગીત અને લોકગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં દાહોદ જિલ્લાની માદયમિક અને ઉચ્ચતર માદ્યમિક શાળાઓમાંથી કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. જેમાં દાહોદમાંથી ૧૨, ઝાલોદમાંથી ૫, સંજેલીમાંથી ૩, દેવગઢ બારીયામાંથી ૫ અને લીમખેડામાંથી ૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ સ્પર્ધક વિદ્યાર્થીઓને જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે દ્વારા અભિનંદન તેમજ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સંજેલી તાલુકામાં ATM સેન્ટરની મંજુરી માટે બેંક મેનેજરનું ગેરવર્તન

દાહોદ,

સંજેલી તાલુકો ડુંગરાળ અને જંગલ વિસ્તાર ધરાવતો છેવાડાનો તાલુકો છે. અને છેવાડાના વિસ્તાર હોવાથી વારંવાર નેટ કનેક્ટિવિટીનો પ્રોબ્લેમ પણ રહેતો હોય છે. તાલુકા મથકે માત્ર બે જ નેશનલાઈઝ બેંક આવેલ છે. અને બેંકોમાં નાણાં લેવા માટે ખાતુ ખોલવા સ્ટેટમેન્ટ જેવા નાના મોટા કામો માટે પણ ખાતેદારોને સવારથી સાંજ સુધી બેંકની લાઈનોમાં ઉભા રહેવુ પડે છે. તેમ છતાં પણ કામો ન થતાં વિલા મોંઢે પરત ફરવાનો વારો આવે છે. છેલ્લા એક વર્ષથી સંજેલી ખાતે બેંક ઓફ બરોડાનુ એ.ટી.એમ.પણ બંધ કરી અને ઉઠાવી લેવામાં આવેલ છે. જેથી નાણાં લેવા માટે પણ કસ્ટમરને બેંકોની લાઈનોમાં ઉભા રહેવુ પડે છે. સંજેલી ખાતે પ્રાઈવેટ નીલકંઠ એન્ટરપ્રાઈઝના જયેશભાઈ મોતીજાણી દ્વારા ટાટા ઈન્ડિકેશ કંપનીનુ એ.ટી.એમ.શરૂ કરવા માટે બેંક ઓફ બરોડામાં દસ્તાવેજ પર સહી સિકકા કરવા માટે જતા બી.ઓ.બી.મેનેજરે ખરાબ વર્તન કરી અને એગ્રીમેન્ટ લેટર પર સહી સિકકો ન કરી આપ્યાના આક્ષેપ સાથે અરજદાર દ્વારા ગોધરા બ્રાંચ મેનેજરના આર.ઓ.ને લેખિત રજુઆત કરી છે. જો સંજેલી ખાતે આવા એ.ટી.એમ.ખોલવામાં આવે તો પ્રજાને બેંકમાં પડતી સમસ્યાઓનુ નિકાલ આવી શકે તેમ છે. જેથી સંજેલી તાલુકા વિસ્તારના છેવાડાના લોકો પ્રાઈવેટ એ.ટી.એમ ખોલવામાં આવે તો લાભ મળે તેવુ ઈચ્છી રહી છે

# ઝાલોદ મામલતદારની રેગ્યુલર જગ્યા નહિ ભરાતા સરકારી કામકાજમાં ભારે અડચણ

ઝાલોદ,

ઝાલોદ મામલતદારની પાંચ માસથી ખાલી પડેલી જગ્યા હજુ સુધી નહિ ભરાતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. હાલમાં ફતેપુરાના મામલતદાર વહીવટ ચલાવી રહ્યા છે. ઝાલોદમાં કાયમી મામલતદાર ૩૧ માર્ચે નિવૃત્ત થયા હતા ત્યારે ફતેપુરાના મામલતદારને હવાલો અપાયો હતો. પાંચ માસ કરતા વધુ સમય થયો હોવા છતાં ઝાલોદ મામલતદારની કાયમી જગ્યા હજુ સુધી ભરવામાં આવી નથ. આદિવાસી વિસ્તારમાં આવેલા ઝાલોદમાં ૮૫ ટકાથી વધુ આદિવાસી ખેડુતો છે તેમને જાતિ–આવકના દાખલા, સરકારી યોજનાઓનો લાભ લેવા તથા અન્ય કામો માટે મામલતદારની જરૂર પડે છે. પાંચ માસ કરતા વધુ સમયથી મામલતદારની ખાલી જગ્યા નહિ ભરાતા અને ઈન્ચાર્જ મામલતદાર નિયમિત નહિ હોવાથી ખેડુતો તથા લોકોને કામો માટે બેસી રહેવુ પડે છે.મામલતદાર ન આવે ત્યારેં ખેડુતો અને લોકોની પૈસાની બરબાદી થાય છે. ત્યારે હાલ ચોમાસામાં ગ્રામ વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળ્યો છે ત્યારે મામલતદારની દોરવણીની જરૂર રહી છે તેથી તેમની ખાલી પડેલ જગ્યા તાત્કાલિક ભરવા લોકમાંગ ઉઠવા પામી છે.

# દાહોદના દુધીયા લીમડી રોડ ઉપર રેતી ભરેલ બે ટ્રકો ઝડપી

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ દુધીયા થી લીમડી જવાના માર્ગ ઉપરથી દાહોદ ખાણ ખનીજની ટીમે ગેરકાયદે રેતી ભરેલ બે ટ્રકોની ઝડપી પાડી બંન્ને ટ્રકોને કબજે લીધાંનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં રેત ખનન માફિયાઓ બેફામ બન્યાં છે. ત્યારે બીજી તરફ આજરોજ વહેલી સવારના સમયે દાહોદ જિલ્લામાં આવેલ દુધીયા થી લીમડી જવાના માર્ગ પરથી દાહોદ ખાણ ખનીજની ટીમને મળેલ બાતમીના આધારે આકસ્મિક તપાસમાં ગેરકાયદે રીતે ખનન કરી રહેલ બે ટ્રકોમાંથી ગેરકાયદે રેતી ઝડપી પાડી હતી. જાણવા મળ્યાં અનુસાર, આ રેતી દાહોદ થી રાજસ્થાન લઈ જવામાં આવી હતી. ગુજરાત થી રાજસ્થાન બેરોકટોક ગેરકાયદે રેતીનું ખનન થતું હોવાની પણ ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. અવાર નવાર દેવગઢ બારીઆની આપસપાસના વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ખનન માફિયાઓ નદીઓ ઉપથી બેરોકટોક રેતી ખનન કરતાં રહે છે. ત્યારે માત્ર બે ગાડીઓ ઝડપી પાડી જાણે ખાણ ખનીજ વિભાગે સંતોષ માન્યો હોય તેમ લાગી રહ્યું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.26

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

## પંચમહાલ જીલ્લામાં વરસાદનો મેઘ તાંડવ

# જાંબુઘોડામાં ચાર કલાકમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણી



જાંબુઘોડામાં ભારે વરસાદને લઈ સુકી નદીઓ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ. માર્ગો ઉપર વૃક્ષો ધારાશાહી થયા. ઠેર ઠેર માર્ગો ઉપર વાહન વ્યવહાર બંધ કરાયો.



ગોધરા મધ્ય માંથી પસાર થતી મેશરી નદીમાં ઉપરવાસમાં ભારે વરસાદને લઈ પાણી આવક થતાં ગદુકપુર બ્રીજ ઉપર થી પાણી વહેવા માંડયા.



જાંબુઘોડા વિસ્તારમાં ભારે વરસાદને લઈ પોયલીના હાથણી ધોધ પૂર બહારાં ખીલી ઉઠયો. વેગીલા પ્રવાહ સાથે ધોધ પાણી આવી રહ્યું છે. સહેલાણીઓમાં આનંદો.



ગોધરા ભુરાવાવ વિસ્તારના ખાડી ફળીયા, ચિત્રાખાડી, સિંદુરી માતા મંદિર વિસ્તારમાં ભારે વરસાદને લઈ ઘરોમાં પાણી ભરાતાં રહિશો પરેશાન.



શિવરાજપુર થી ઘોઘંબાને જોડતો માર્ગ પાણીમાં ગળકાઉ.....

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં છેલ્લા ૧૨ કલાકમાં મેઘરાજાનું રોદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે. ગોધરા અને જાંબુઘોડામાં સૌથી વધુ વરસાદ નોંધાવા પામ્યો છે. ગોધરામાં ભારે વરસાદને લઈ ભુરાવાવ વિસ્તાર, સિંદુરી માતા, ચિત્રાખાડી, ખાડી ફળીયામાં ઘરોમાં પાણી ભરાઈ જતાં લોકો પરેશાન થયા હાત. જયારે જાંબુઘોડા તાલુકામાં છેલ્લા ૧૨ કલાકમાં ૭ ઈંચ જેટલા વરસાદ ખાબક્તા નદી નાળાઓ પાણીથી છલકાઈ ગયા હતા. નદીઓમાં પાણી આવતાં શિવરાજપુર થી ઘોઘંબાને જોડતા માર્ગ બંધ થયો હતો. અવિરત વરસાદને લઈ નદીઓમાં પાણી આવતાં ખેતરો ધોવાઈ ગયા છે.

પંચમહાલ જીલ્લામાં ચોમાસાની સીઝનમાં વરસાદની ઘટને લઈ ખેડુતો ચિંતીત હતા. કારણ કે, જળાશયો તેમજ નદી-નાળાઓમાં પાણીની આવક થયેલ ન હતી. ત્યારે ભાદરવા મહિનામાં મેઘરાજા એ કૃપા કરી છે અને છેલ્લા કેટલાક દિવસ થી અવિરત વરસાદ નોંધાતા ખેડુતોમાં આનંદ જોવા મળી રહ્યા છે. આજરોજ વહેલી સવાર થી પંચમહાલ જીલ્લાના ગોધરા જાંબુઘોડામાં મેઘરાજાઓ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમજ લાગ્યું હતું. ગોધરા શહેરમાં પાંચ કલાકમાં ૧ ઈંચ જેટલો વરસાદ ખાબકતા શહેરના માર્ગો ઉપર પાણી ભરાવાની સમસ્યા જોવા મળી હતી. સાથે ભુરાવાવ ખાડી ફળીયા, ચિત્રાખાડી, સિંદરી માતા મંદિર વિસ્તારમાં વરસાદી પાણી ઘરોમાં ઘુસી જવાથી સમસ્યા સર્જાઈ હતી. જેને લઈ રહિશો પરેશાન થયા હતા અને ઘરોમાં ભરાયેલા વરસાદી પાણી ઉલેચવાનો વારો આવ્યો હતો.

જાંબુઘોડા તાલુકામાં પાંચ કલાકમાં ૭ ઈંચ જેટલો ધોધમાર વરસાદ ખાબકયો હતો. જાંબુઘોડા તાલુકામાં પાંચ કલાક પડેલ ધોધમાર વરસાદને લઈ જાંબુઘોડાની સુકી નદી એ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. અવિરત વરસાદને જંગલ નજીક આવેલ ખેતરોનું ધોવાણ થવા પામ્યું છે. અવિરત ધોધમાર વરસાદને લઈ જાંબુઘોડા શિવરાજપુર હાઈવે રોડ વૃક્ષો પડવા તેમજ નાળાનું ધોવાણ પણ થયેલ છે. ભારે વરસાદને લઈ શિવરાજપુર જાંબુઘોડાના માર્ગ એક કલાક બંધ રાખવામાં આવ્યો. શિવરાજપુર થી ઘોઘંબાના બાજકરોલને જોડતા માર્ગ પણ બંધ થયો હતો.

પંચમહાલ જીલ્લાના જાંબુઘોડા વિસ્તારમાં ભારે વરસાદને લઈ ઘોઘંબા સરહદી વિસ્તારમાં ટેન્કર તણાવાનો વિડીયો વાયરલ થયો છે. જાંબુઘોડા પંથકમાં મેઘરાજા એ રોદ્ર સ્વરૂપ ધારણ કરતાં ખેતીના પાકોને પણ નુકશાન થતાં ખેડુતોમાં આનંદ સાથે નિરાશ પણ થયા છે.

## ગોધરા પાલિકાના બોગસ FD કાંડમાં સામેલ આરોપીના આગોતરા જામીન અરજી સેશન્સ કોર્ટમાં નામંજુર કરાઈ

ગોધરા,
ગોધરા નગર પાલિકામાં બોગસ એફ.ડી.રજુ કરી આર્થિક લાભ મેળવનાર વ્યકિતઓ વિરૂદ્ધ એ ડીવીઝન પોલીસ મથકે ગુનો નોંધાવા પામ્યો હતો. તેની તપાસમાં આરોપી આલમ મુસતામ ચાકુબ દ્વારા ખોટી એફ.ડી. રજુ કરવામાં આવી હોવાનું ખુલ્યુ હતું. આરોપીએ ધરપકડ થી બચવા સેશન્સ કોર્ટમાં કરેલ આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવી.

ગોધરા નગર પાલિકામાં બોગસ એફ.ડી. રજુ કરવાના કિસ્સા એ ચકચાર મચી જવા પામી હતી. બોગસ એફ.ડી.રજુ કરી આર્થિક લાભ મેળવનાર ઈસમો વિરૂદ્ધ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી હતી. આ ગુન્હાની તપાસ પોલીસ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવી હતી. ફરિયાદમાં દર્શાવેલ આરોપી સિવાયનો અન્ય આરોપી આલમ મુસતામ ચાકુબનું નામ ખુલેલ હતું. આરોપી દ્વારા ખોટી એફ.ડી. રજુ કરવામાં આવેલ હોય તેવું બહાર આવ્યું હતું. જેને લઈ આરોપી ધરપકડ થી બચવા માટે નામદાર કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. તેની સુનાવણી એડીશનલ સેશન્સ જજ કે.જે.દરજીની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ રાકેશ. એસ.ઠાકોરની દલીલોને ધ્યાનમાં લઈને આરોપી આમલ મુસતામ ચાકુબના આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવી છે. કોર્ટમાં આગોતરા જામીન અરજી નામંજુર થતાં ખોટું કરવા વાળા તત્વોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## પંચમહાલ જિલ્લામાં મહિલા રોકડ પુરસ્કાર ૨૦૨૧-૨૨ માટે ઈચ્છુક ઉમેદવારોએ તા.૧૫મી ઓકટોબર સુધીમાં અરજી કરવી

ગોધરા,
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ ના વર્ષના મહિલા રોકડ પુરસ્કાર માટે અરજીઓ મંગાવવામાં આવી છે. જે માટે વિવિધ રમતોની રાજયકક્ષાની શાળાકીય/ખેલ મહાકુંભ સ્પર્ધાઓ અં.- ૧૪, ૧૭, ૧૯ અને સ્કુલ ગેઈમ્સ ફેડરેશાન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં એસ.એ.જી. દ્વારા રાજયનું પ્રતિનિધિત્વ કરેલા મહિલા ખેલાડીઓ કોઈપણ એક જ રમતમાં તેમજ એક જ સિધ્ધિ માટે અરજી કરવાની રહેશે. જે માટે ''મહિલા રોકડ પુરસ્કાર'' યોજના માટેનું ફોર્મ ભરીને આગામી તા. ૧૫/૧૦/૨૦૨૧ સુધીમાં સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, કનેલાવ તળાવ પાસે, ગોધરા-પંચમહાલની કચેરીને (મોબાઈલ નંબર-૯૪૨૭૫૯૫૫૩૦) મળી રહે તેમ મોકલી આપવાની રહેશે. વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧માં મહિલા રોકડ પુરસ્કાર યોજનાથી વંચિત રહી ગયેલા ખેલાડીઓ પણ અરજી કરી શકશે તેમ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોધરા-પંચમહાલની આ અખબારી યાદીમાં જણાવાયુ છે.

## ગોધરા ની ખાલી પડેલ નદીસર તા.પંચા. બેઠક માટે ચતુષ્કોણીય જંગ


નદીસર,
ગોધરા તાલુકા પંચાયત ની ૨૨- નદીસર તાલુકા પંચાયત બેઠક પરથી ભાજપના ચૂંટાયેલા મહિલા સભ્ય એ રાજીનામું આપતા ખાલી પડેલ બેઠક માટેની જાહેર થયેલ ચૂંટણીમાં આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થયું હતું અને કોંગ્રેસ,ભાજપ, આપ, તેમજ અપક્ષ થઈને કુલ ચાર મહિલા ઉમેદવારો વચ્ચે ચૂંટણીનો જંગ ખેલાશે તે નક્કી થયું છે. રાજકીય દાવપેચ થી માહેર એવા નદીસર તાલુકા પંચાયત બેઠકમાં નદીસર તેમજ ખજૂરી પંચાયત વિસ્તારનો સમાવેશ થાય છે. વિકાસ અને અન્ય બાબતો થી શરૂ કરી અંતિમ દિવસોમાં જ્ઞાતિ ગત સમીકરણો થી આ વિસ્તારમાં લડાતી ચૂંટણીમાં આપ તરફ થી ચેતનાબેન હેમંત કુમાર પુવાર ભાજપ તરફ થી રાધા બેન ભગવાનભાઈ પરમાર કોંગ્રેસ તરફ થી હિનાબેન સહદેવભાઈ પરમાર તેમજ અપક્ષ ઉમેદવાર તરીકે રંજનબેન જગદીશભાઈ માછીના ઉમેદવારો ફોર્મ માન્ય રહેતા કુલ રાજકીય પક્ષો સાથે અપક્ષ ઉમેદવાર સહિત ચાર મહિલા ઉમેદવારો વચ્ચે જોરદાર જંગના એંધાણ વર્તી રહ્યા છે.

## પંચમહાલ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિવિધ સંવર્ગોની સામાન્ય ચૂંટણી માટે મતદાન મથકો જાહેર કરાયા

ગોધરા,
જલ્લા શિણાધિકારી-ગોધરા, પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિવિધ સંવર્ગોની સામાન્ય ચૂંટણી આગામી તા.૨૫.૦૯.૨૦૨૧ના શનિવારના રોજ સવારના ૦૮.૦૦ કલાકથી સાંજના ૦૫.૦૦ કલાક દરમિયાન જિલ્લા કક્ષાએ નિયત કરેલા મતદાન મથકો પર યોજાનાર છે. આ ચૂંટણી માટે મતદાન મથક તરીકે બોર્ડ કચેરી દ્વારા પંચમહાલ જિલ્લાના વિવિધ કેન્દ્રોને મતદાન મથક તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ગોધરા તાલુકા માટે સરકારી તેલંગ વાણિજય વિદ્યાલય, ગોધરા (મતદાન મથક નંબર-૦૯/૦૧), શહેરા તેમજ મોરવા હડફ તાલુકા માટે સેન્ટ આર્નોલ્ડ સ્કૂલ, અમદાવાદ હાઈવે-ગોધરા (મતદાન મથક નંબર ૦૯/૦૨), હાલોલ કાલોલ, જાંબુઘોડા તેમજ ઘોઘંબા તાલુકાઓ માટે ધ એમ.એસ. હાઈસ્કૂલ, બસ સ્ટેન્ડની પાછળ- હાલોલ (મતદાન મથક નંબર ૦૯/૦૩)નો સમાવેશ થાય છે. આ મતદાન મથકોએ મતદારો ઓળખના પુરાવા તરીકે ૧)ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ, વાહન ચલાવવાનું લાઈસેન્સ, પાનકાર્ડ, રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ ફોટા સહિતનું ઓળખપત્ર, પાસપોર્ટ, શાળાના સંચાલક મંડળ અને શાળાના આચાર્ય દ્વારા સંયુક્ત રીતે લેટર હેડ પર આપવામાં આવેલ ફોટા સહિતનું ઓળખપત્ર રજૂ કરી શકાશે તેમ યાદીમાં જણાવાયું છે.

**૨૫મી સપ્ટેમ્બરે ગોધરા અને હાલોલ ખાતેના મતદાન મથકોએ સવારે ૦૮.૦૦થી સાંજના ૦૫.૦૦ સુધી મતદાન યોજાશે**

## ગોધરાન હડફ ડેમમાં પાણીની આવક વધતા એક દરવાજો અડધો ફુટ ખોલવામાં આવ્યો



ગોધરા,
પંચમહાલ જીલ્લાના હડફ ડેમમાં સો ટકા પાણીની આવક થતાં ધરતી પુત્રોમાં આનંદ વ્યાપી જવા પામ્યો છે. જીલ્લામાં અવિરત પડી રહેલા વરસાદને લઈ હડફ ડેમમાં પાણીની આવક થતાં ડેમનો એક દરવાજો અડધો ફુટ ખોલવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લામાં હડફ ડેમમાં ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને કારણે પાણીની આવક વધતા હડફ ડેમ સો ટકા ભરાઈ ગયેલ છે. ડેમ છલોછલ થતાં ધરતી પુત્રોમાં આનંદ જોવા મળી રહ્યો છે. હાલમાં પંચમહાલ જીલ્લા સહિત અન્ય જીલ્લાઓમાં વરસાદ ચાલુ રહેલ છે. જેને લઈ હડફ ડેમમાં પાણીની આવક થઈ રહેલ છે. તે જોતાં આજરોજ હડફ ડેમનો એક દરવાજો અધડો ફુટ ખોલવામાં આવ્યો છે.

## ગોધરા મેકકબ મેમોરીયલ હાઈસ્કુલના આચાર્ય તથા ટ્રસ્ટ પ્રમુખ અને મંત્રીના આગોતરા જામીન અરજી નામંજુર કરાઈ

ગોધરા,
ગોધરા ખાતેએ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુના નંબર ૧૨૦/૨૦૨૧ થી કલમો ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ વિગેરે મુજબ નો ગુન્હા ના કામે આરોપી મેકક્બ મેમોરિયલ હાઈસ્કૂલ ગોધરાના આચાર્ય સુરેશભાઈ પરમાર તથા ટ્રસ્ટના પ્રમુખ અને મંત્રી સીમોન જોસેફ ક્રિશ્ચયન, મત્રી દેવ ઈમાનુએલ દ્વારા નામદાર ડીસટીકટ કોર્ટમાં કરાયેલી આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. આરોપીઓ દ્વારા નામદાર કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી અને જામીન મુક્ત કરવા માટે અરજ કરેલ હતી પરંતુ પંચમહાલ જિલ્લાના મહેરબાન એડીશનલ શેસન્સ જજ કે.જે.દરજીની કોર્ટમાં આગોતરા જામીન અરજી ચાલતા નામદાર કોર્ટ દ્વારા પોલીસ તપાસના તમામ કાગળો અને જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવાર ની દલીલોને ધ્યાનમાં લઈ આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. સમગ્ર કોર્ટ કેમ્પસમાં આ ચુકાદાનો ગણગણાટ સાંભળવા મળ્યો હતો. લઘુમતી શાળાનું બોગસ સર્ટીફીકેટ બનાવીને વર્ષો થી સરકાર સાથે છેતરપિંડી કરી અને સરકાર પાસે થી લાખો રૂપિયાની ગ્રાન્ટ મેળવી અને ભરતી પ્રક્રિયામાં પણ લઘુમતી શાળાના ખોટા સર્ટીફીક્ટિના આધારે ઘણા બધા શિક્ષકોની ખોટી રીતે ભરતી કરી દેવામાં આવી છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ નામદાર કોર્ટ દ્વારા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## પાવાગઢ મંદિરના ટ્રસ્ટી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચર્યુ

પાવાગઢ,
ગોત્રી પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે મૂળ હરિયાણાના રોહતકની વતની અને હાલ વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં રહેતી ૨૪ વર્ષીય સોનલ(નામ બદલ્યું છે) શહેરની ખાનગી યુનવર્સિટીમાં એલએલબીનો અભ્યાસ કરે છે. યુવતીના માતા-પિતા હરિયાણા ખાતે રહે છે. યુવતીનો પ્રથમ વર્ષનો અભ્યાસ પૂર્ણ થતાં લાઈઝનીંગની તાલીમ અર્થે ચકલી સર્કલ સ્થિત એક કંપની ખાતે લેન્ડ લો ટ્રેનીંગ પ્રોજેક્ટમાં છેલ્લા ૫ મહિનાથી કામ કરે છે. આ કંપનીના મલિક અશોકભાઈએ યુવતીને રહેવા માટે ભાડેથી ફ્લેટ અપાવ્યો હતો. તે સમયે આજવા રોડ પર આવેલી સહારા ઈન્ડસ્ટ્રીઝની જમીન બાબતે અશોકભાઈ અને પાવાગઢ મંદિરના ટ્રસ્ટી રાજુ ભટ્ટ અને ઈન્વેસ્ટર રાજુભાઈ વચ્ચે મિટિંગ ચાલતી હતી. એક મહિના પહેલા અશોક જૈન સોનલના ફ્લેટ નીચે પહોંચ્યા હતા અને સોનલને જણાવ્યું હતું કે, ઈન્વેસ્ટર રાજુ ભટ્ટ સાથે મિટિંગ કરવાની છે. તેમ જણાવી સોનલને પોતાની કારમાં વાસણા રોડ પર ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો. જ્યાં પહેલાથી હાજર રાજુ ભટ્ટ સાથે સોનલ અને અશોક જૈનએ મિટિંગ કરી હતી અને સહારા ઈન્ડસ્ટ્રીઝની જમીનને સેબીમાંથી કેવી રીતે ફ્રી કરવી છે તે અંગે ચર્ચા કરી હતી. દરમિયાન અશોક જૈન રસોડામાં ગયા હતા અને નશાયુક્ત પીણુ લાવીને સોનલને પીવડાવ્યું હતું. ત્યારબાદ અશોક જૈને બે શુદ્ધ થઈ ગયેલી સોનલની શારીરીક છેડછાડ કરી હતી. ઓફિસમાં નોકરી કરતી યુવતીને વડોદરાના વાસણા રોડ પર આવેલા ગેસ્ટ હાઉસમાં મિટીંગ કરવાના નામે લઈ જઈને કેફી પીણું પીવડાવી તેની સાથે દુષ્કર્મ આચરનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને પાવાગઢ મંદિરના ટ્રસ્ટી રાજુ ભટ્ટ સામે ફરિયાદ નોંધાઈ છે અને બળાત્કાર બાદ યુવતીના ફોટો વાઈરલ કર્યા હતા. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું છે કે, બંનેએ જમીનમાં ૫૦ટકા ભાગ આપવાની અને કંપનીમાં સી.ઈ.ઓ. બનાવવાની લાલચ આપી ફરિયાદ ન કરવાની ધમકી આપી હતી. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે. જોકે, સોનલે બુમરાણ મચાવતા અશોક જૈને તેને ઘરે રવાના કરી દીધી હતી. આ ઘટનાના પાંચ દિવસ બાદ અશોક જૈને સોનલને ફોન કરી સહારની ડીલ કરવાની છે. તેમ જણાવી તાત્કાલિક ઓફિસે બોલાવી હતી. ત્યારે અશોકે જે કંઈ પણ થયું છે તે ભૂલી જા. અને સહારા ઈન્ડસ્ટ્રીઝની જે ડીલ છે તેમાં જે કંઈ પણ ફાયદો થશે તેમાં તને ૫૦ ટકા ભાગ આપીશ અને રિયલ એસ્ટેટની કંપની ચાલુ કરવાની છે. તેમાં ઝઈની પોસ્ટ આપવાની લાલચ આપી ફરિયાદ ન કરવા જણાવ્યું હતું. ત્યારબાદ ત્રણ દિવસ પછી અશોક ફરીથી યુવતીના ઘરે ટિફિન લઈ પહોંચ્યો હતો અને જબરદસ્તી યુવતીના ઘરમાં પ્રવેશ કરી યુવતીને મારમારી કપડાં ફાડી જબરદસ્તી શારીરક સંબંધ બાંધ્યો હતો. આ ઉપરાંત યુવતીને પોતાની હવસનો શિકાર કર્યા બાદ અશોકે ઈન્વેસ્ટર રાજુ સાથે પણ સંબંધ બાંધી તેને ખુશ કરી દે તેમ જણાવી ત્યાંથી જતો રહ્યો હતો. ત્યારબાદ બીજા દિવસે ઈન્વેસ્ટર રાજુ યુવતીના ઘરે પહોંચ્યો હતો અને યુવતીને માર મારી તેની ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. જેનું રાજુએ રેકોર્ડિંગ કરી વાઈરલ કરી બદનામ કરી નાખવાની ધમકી આપી હતી. એક ઈન્વેસ્ટર છે. તેને ખુશ દે ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ અશોક જૈને સોનલને ફોન કરી ઓફિસ પર બોલાવી હતી અને અન્ય એક ઈન્વેસ્ટર છે. તેને ખુશ કરી દે. જેથી ડીલ થશે તેમાંથી ૫૦ ટકા પ્રોફિટ તને આપી દઈશ તેમ જણાવ્યું હતું. ત્યારે આ બાબતે સોનલે ઈક્રાર કરી દીધો હતો. અશોકે પોતાના મોબાઈલમાં રહેલ અશોક અને રાજુ સાથેના યુવતીના બીભત્સ ફોટો તેમજ યુવતી પોતાના ફ્લેટમાં કેવી રીતે રહે છે તેનું રેકોર્ડિંગ હતું તે બતાવીને જો હું કહું છું તેમ નહીં કરે તો આ ફોટો અને વીડિયો વાઈરલ કરી દેવાની ધમકી આપી હતી. યુવતીને નજીકના અકોટાના રેસ્ટોરન્ટમાં લઈ ગયો હતો અને ત્યાં પણ યુવતીએ અશોકના કહ્યા મુજબનું કરવાનો ઈક્રાર કરતા અશોકે સોનલના બીભત્સ ફોટો સોનલના મિત્રને મોકલી આપ્યા હતા અને કારમાં જ યુવતીને માર મારી તેના ઘરે છોડી દીધી હતી. દરમિયાન સોનલે ઘરે જઈ તપાસ કરતા એ.સી.ની બાજુમાં લગાવેલ સ્પાઈ કેમેરા લગાવેલા મળી આવ્યા હતા. તે સમયે સોનલનો મિત્ર ઘરે આવ્યો હતો અને તેની સાથે ફોટો અંગે વાત કરતા સોનલે પોતાની સાથે વીતેલી સમગ્ર ઘટના જણાવી હતી. ત્યારબાદ સોનલ થોડો સામાન લઈ પોતાના વતન રોહતક જવા નીકળી ગઈ હતી. જ્યાં દિલ્હી પહોંચ્યા બાદ અશોકે સોનલને ધમકાવી હતી. જેથી સોનલ પરત દિલ્હી ફરી હતી અને શહેરના ગોત્રી પોલીસ મથકમાં કંપનીના મલિક અશોક જૈન અને ઈન્વેસ્ટર રાજુ ભટ્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બળાત્કાર, મારઝૂડ અને ધાક ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.